કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595
સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૬ એપ્રિલ, ૨૦૨૪ શુક્રવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય

કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૨૮૯◆વર્ષ : ૩૦ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૦ ◆ચૈત્ર વદ - ૩ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# મહાસંગ્રામ : બીજા તબક્કાના મતદાનનો ધમધમાટ



## મેરઠમાં મોક પોલ દરમિયાન એક ડઝન EVM ક્ષતિગ્રસ્ત

### અહીંથી ભાજપના ઉમેદવાર છે 'રામ'

લખનૌ : . ઉત્તર પ્રદેશમાં લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે શુક્રવારે સવારે ૭ વાગ્યાથી મતદાન થઈ રહ્યું છે. જે સાંજે ૫ વાગ્યા સુધી ચાલશે. અહીં ઉત્તર પ્રદેશની ૮ બેઠકો પર મતદાન શરૂ થયું. આ દરમિયાન મરોહા, મેરઠ, બાગપત, ગાઝિયાબાદ, ગૌતમ બુદ્ધ નગર, બુલંદશહેર, અલીગઢ અને મથુરામાં સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થયું હતું, પરંતુ મેરઠમાં જ મોક પોલ દરમિયાન લગભગ ૧૨ ઈવીએમ મશીનમાં ખામી જોવા મળી હતી.મેરઠમાં સવારે ૭ વાગ્યે ચૂંટણી શરૂ થવાની હતી, પરંતુ મોક પોલ દરમિયાન જ એક ડઝન જગ્યાએ ઈવીએમમાં ખામી જોવા મળી હતી. આવી સ્થિતિમાં તમામ ૧૨ ઈફ્સ મશીનો બદલવામાં આવ્યા હતા. આ સમય દરમિયાન ડીએમ દીપક મીણા કંટ્રોલ રૂમ દ્વારા દેખરેખમાં વ્યસ્ત છે.મેરઠમાં વેબકાસ્ટિંગ કંટ્રોલ રૂમ દ્વારા મતદાન મથકો પર નજર રાખવામાં આવી રહી છે. સુરક્ષાના કારણોસર સમગ્ર શહેરમાં સીસીટીવી કેમેરા દ્વારા મોનીટરીંગ પણ કરવામાં આવી રહ્યું છે. મેરઠ લોકસભા સીટ પર આકરો ચૂંટણી જંગ છે. અહીં સમાજવાદી પાર્ટીએ પૂર્વ ધારાસભ્ય યોગેશ શર્માની પત્ની સુનીતા વર્માને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. જ્યારે ભાજપે અરુણ ગોવિલ (જેમણે રામની ભૂમિકા ભજવી હતી) અને બહુજન સમાજ પાર્ટીએ દેવવ્રત ત્યાગીને ચૂંટણી જંગમાં ઉતાર્યા છે.

## બીજા તબક્કામાં ૮૮ બેઠકો પર શાંતિપૂર્ણ રીતે મતદાનનો પ્રારંભ : મતદાન મથકો પર સવારથી જ મતદારોએ લાઈનો લગાવી

## દેશ વિકાસ ઈચ્છ છે અને ફરીને કેન્દ્રમાં ભાજપની સરકાર બનશેઃ વસુંધરા રાજે



નવી દિલ્હીઃ દેશ વિકાસ ઈચ્છે છે અને એટલા માટે ચૂંટણી પછી ફરીને ભાજપ ની કેન્દ્રમાં સરકાર બનશે તેવો વિશ્વાસ રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના નેતા વસુંધરા રાજે એ વ્યક્ત કર્યો હતો. બીજા તબક્કામાં આજે યોજાયેલા મતદાનમાં મતદાન કર્યા બાદ રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના નેતા વસુંધરા રાજે એ જણાવ્યું હતું કે દેશ વિકાસ ઈચ્છી રહ્યો છે માટે ચૂંટણી પછી ફરીને ભાજપ સરકાર બનાવશે અને ત્રીજી વાર નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે. તેમણે એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે રાજસ્થાનમાં જનતા ભાજપને પૂરું સમર્થન આપશે અને ફરીને ભાજપને ઐતિહાસિક જીત અપાવશે.

## રાજસ્થાનમાં ૨૫ માંથી ૨૫ બેઠકો જીતીશું: ઓમ બિરલા



કોટા : રાજસ્થાનની તમામ૨૫ માંથી ૨૫ લોકસભા બેઠકો ભાજપ જીતશે તેમ લોકસભાનાસ્પીકર અને કોટા લોકસભા બેઠકના ભાજના ઉમેદવાર ઓમ બિરલા એકક્હ્યુંહતું.બીજાતબક્કામાંયોજાયેલમતદાનમાંઆજેલોકસભાના સ્પીકર અને કોટા લોકસભા બેઠક પરના ભાજપના ઉમેદવાર ઓમ બિરલા એ મતદાન બાદ વિપક્ષ પર પ્રહાર કરતાં કહ્યું હતું કે વિપક્ષ જૂઠાણા અને છેતરપિંડી ના આધારે ભ્રમ ફેલાવી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે સામાજિક વ્યવસ્થા સામાજિક ન્યાય બની રહેશે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહ ઘણી વખત આ વાત કરી ચૂક્યા છે અને રાજસ્થાનમાં ભાજપ ૧૦૦ ટકા ૨૫ માંથી ૨૫ બેઠકો જીતશે.

## લોકસભાના સ્પીકર સહિત પાંચ કેન્દ્રીય મંત્રીઓના ભાવિ આજે ઇવીએમમાં સીલ થશે

નવી દિલ્હીઃ આજે લોકસભાની ચૂંટણી માટે બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર ચૂંટણી યોજાઈ છે જેમાં લોકસભાના સ્પીકર સહિત પાંચ કેન્દ્રીય મંત્રીઓ બે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ત્રણ ફિલ્મ સ્ટારો ચૂંટણી જંગના મેદાનમાં છે. લોકસભાના સ્પીકર ઓમ બિરલા રાજસ્થાનની કોટા લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.આ ઉપરાંત કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી વાયનાડ બેઠક પરથી ચૂંટણી લડી રહયા છે તેમજ કોંગ્રેસના નેતા શશી થરૂર તિરુવંતપુરમ બેઠક પરથી ચૂંટણી જંગના મેદાનમાં છે જ્યારે ઉત્તર પ્રદેશની મથુરા બેઠક પરથી ફિલ્મ અભિનેત્રી અને ભાજપના સંસદ સભ્ય હેમા માલીની ચૂંટણી મેદાનમાં છે. આજે યોજાયેલા મતદાનમાં લોકસભાના સ્પીકર સહિત પાંચ કેન્દ્રીય મંત્રીઓ અને બે ફિલ્મ સ્ટારના ભાવી ઈવીએમ માં સીલ થશે.

## રેકોર્ડ બ્રેક મતદાન કરી લોકતંત્રને મજબૂત કરો : PM મોદી

### બીજા તબક્કાના મતદાન અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી અપીલ

નવી દીલ્હી : પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું જેટલું વધુ મતદાન થશે તેટલુ લોકતંત્ર મજબુત થશે. જેટલું વધુ મતદાન થશે તેટલું જ આપણું લોકતંત્ર મજબૂત થશે.બીજા તબક્કાના મતદાન અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે (૨૬ એપ્રિલ, ૨૦૨૪) કહ્યું કે લોકોએ રેકોર્ડ સંખ્યામાં મતદાન કરવું જોઈએ. તેનાથી આપણી લોકશાહી મજબૂત થશે.પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું જેટલું વધુ મતદાન થશે તેટલું જ આપણું લોકતંત્ર મજબૂત થશે. મારી આપણા યુવા મતદારો તેમજ દેશની નારી શક્તિને ખાસ અપીલ છે કે તેઓ ઉત્સાહપૂર્વક મતદાન કરવા આગળ આવે. તમારો મત તમારો અવાજ છે. લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં શુક્રવારે ૧૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૮૮ સીટો માટે ચૂંટણી થઈ રહી છે. આ સંદર્ભે આજે સવારથી મતદાન શરૂ થઈ ગયું છે.

## બીજા તબક્કામાં કયા રાજ્યની કેટલી બેઠકો પર આજે ચૂંટણી

નવી દિલ્હીઃ દેશમાં આજે ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર બીજા તબક્કાની ચૂંટણી યોજાઈ છે.બીજા તબક્કામાં આજે યોજાયેલ મતદાનમાં આસામની ૫ બેઠકો પર બિહારની ૫ બેઠકો પર છત્તીસગઢની ૩ બેઠક પર કર્ણાટકની ૧૪ બેઠક પર કેરળ ની ૨૦ બેઠક પર મધ્યપ્રદેશની ૬ બેઠક પર મહારાષ્ટ્રની ૮ બેઠક પર મણીપુરની ૧ બેઠક પર રાજસ્થાનની ૧૩ બેઠક પર ત્રિપુરાની ૧ બેઠક પર ઉત્તર પ્રદેશની ૮ બેઠક પર અને પશ્ચિમ બંગાળની ૩ બેઠક પર આજે ચૂંટણી યોજાઈ છે.

નવી દિલ્હી : દેશમાં આજે બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર સવારે સાત વાગ્યા થી શાંતિપૂર્ણ રીતે મતદાનનો પ્રારંભ થયો છે. મતદારોએ સવારથી જ મતદાન મથકો ઉપર લાઈનો લગાવીને લોકશાહીના માં પર્વમાં મતદાન માટે ઉત્સાહ બતાવી અને શાંતિપૂર્ણ રીતે મતદાન કરતા જોવા મળી રહ્યા છે.

લોકસભાની ચૂંટણીઓના પ્રથમ તબક્કાનું મતદાન ગત ૧૯મી એપ્રિલના રોજ યોજાયું હતું ત્યારબાદ આજે દેશના ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર બીજા તબક્કાની ચૂંટણી માટેનું મતદાન શાંતિપૂર્ણ રીતે શરૂ થયું છે. ચૂંટણી પંચ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર આજે યોજાયેલી ચૂંટણીમાં ૧૧૯૮ ઉમેદવારો ચૂંટણી જંગના મેદાનમાં છે જેમાં ૧૦૯૭ પુરુષ ઉમેદવારો અને ૧૦૦ મહિલા ઉમેદવારો ચૂંટણી જંગના મેદાનમાં છે.

આજે બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર સવારથી શાંતિપૂર્ણ રીતે મતદાનનો પ્રારંભ થયો છે મતદારોએ મતદાન માં ઉત્સાહ બતાવીને સવારથી જ મતદાન કરવા માટે મતદાન મથકો

અનુસંધાન પાના નં.૪ પર

# રાજયના આતંકવાદ વિરોધી દળનું સૌથી મોટું આપરેશન

### પીએમ મોદીની મુલાકાત પહેલા ગુજરાતમાંથી શસ્ત્રોનો જંગી જથ્થો ઝડપાતા ખળભળાટ

**એટીએસ ગુજરાત દ્વારા પ્રેસ કરી અને માહીતી કરાઈ સાર્વજનિક : ૨૫ હથિયારો સાથે છ આરોપીઓની ધરપકડ કરાઈ છે : અમરેલી-રાજકોટ-સુરેન્દ્રનગરથી હથીયારો કબ્જે કરાયા : શિવમ નામનો ઈસમ ત્રણ માસથી હથિયારોની હેરાફેરી કરતો હતો : શિવમ ટોળકી પાસેથી પાંચ પિસ્તોલ અને ૨૦ કારતુસ મળી આવ્યા : 3 ટીમો બનાવી ગુજરાત એટીએસ દ્વારા આખુય ઓપરેશન પાર પડાયું**



**શિવમ પર અગાઉ રાજકોટમાં પણ હથિયાર સલગ્ન ગુનો નોંધાયેલો છે : વિપુલની સામે પણ એક ગુનો છે દાખલ : એમપીના સપ્લાયર્સ પાસેથી હથિયારો લેવાયા હતા**

અમદાવાદઃ ગુજરાતમાં પહેલી અને બીજી મેના રોજ વડાપ્રધાનની મુલાકાત પહેલા અને સાતમી મેના રોજ લોકસભા ચૂંટણી પહેલા શસ્ત્રોનો જંગી જથ્થો ઝડપાતા સનસનાટી મચી ગઈ છે. ગુજરાત એટીએસે શસ્ત્રોનો જંગી જથ્થો ઝડપ્યો હતો. શસ્ત્રોના મોટા જથ્થા સાથે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આરોપી કઈ ગુનાહિત પ્રવૃત્તિને અંજામ આપવાનો હતો તે જાણવા એટીએસ તપાસ કરી રહી છે. શસ્ત્રો ક્યાંથી લાવવામાં આવ્યા તે જાણવા એટેસે ચક્રો ગતિમાન કર્યા છે.ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં સાતમી મેના રોજ લોકસભાની ૨૬ બેઠકો માટે મતદાન છે અને વડાપ્રધાન મોદીની પહેલી અને બીજી મેના રોજની મુલાકાત પહેલા શસ્ત્રોનો જંગી જથ્થો પકડાયો છે. તેના લીધે પોલીસ ચોંકી ઉઠી છે અને તેણે આ કિસ્સાની સઘન તપાસ આદરી દીધી છે. આગામી સમયમાં આ તપાસમાં રાષ્ટ્રીય એજન્સીઓ પણ જોડાય તો આશ્ચર્ય નહીં થાય. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની ૨૬ બેઠકોની પ્રચાર માટે ગુજરાતમાં આવવાના છે. તેના પૂર્વે જ શસ્ત્રોનો જંગી જથ્થો આ રીતે પકડાવ્યો તેણે સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની સાથે કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓને પણ દોડતી કરી દીધી છે.આ મામલે એનઆઈએ પણ સક્રિય થઈ ગઈ હોવાનું સૂત્રો જાણવા મળે છે. આરોપી રાજ્યમાં કયા પ્રકારના કૃત્યોને અંજામ આપવા માંગતો હતો. શસ્ત્રોના આટલા મોટા જંગી જથ્થાની શાના માટે જરૂર પડી. ગુજરાતમાં આ જથ્થો ક્યાંથી આવ્યો તેની સઘન તપાસ આરંભી દેવાઈ છે. કેન્દ્રીય એજન્સીઓએ પણ ગુજરાત પોલીસનો સંપર્ક સાધેલો છે.

# ઈવીએમ-વીવીપેટ મુદ્દે સુપ્રીમકોર્ટનો ચુકાદો

### બેલેટ પેપરથી ચુંટણી નહી થાય : ઈવીએમ-વીવીપેટથી જ થશે ચૂંટણી : સર્વોચ્ચ અદાલત



નવી દીલ્હી : લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે શુક્રવાર ૨૬ એપ્રિલે મતદાન થઇ રહ્યું છે. આ દરમિયાન ઈફ્સ અને VVPATને લઈને એક મોટા સમાચાર આવી રહ્યા છે. EVM અને VVPAT ડેટાના ૧૦૦% મેચિંગ એટલે કે બંને મશીનમાં હાજર મતોની ગણતરીની માંગ કરતી અરજીઓ પર સુપ્રીમ કોર્ટ શુક્રવારે જ પોતાનો ચુકાદો આપ્યો છે. VVPAT પર સુપ્રીમકોર્ટનો મોટો ચુકાદો આપ્યો છે. સુપ્રિમ કોર્ટે બેલેટ પેપરની માંગ કરતી અરજી ફગાવી દીધી છે. તેમજ વીવીપેટ મુદ્દે પણ તમામ અરજી ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું કે ઈવીએમથી જ મતદાન થશે. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેન્ચ આ અરજીઓ પર પોતાનો ચુકાદો આપ્યો છે. ઉલ્લેખનીય છે કે ચૂંટણી દરમિયાન ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન દ્વારા પડેલા મતો સાથે વોટર-વેરીફાઈબલ પેપર ઓડિટ ટ્રેઈલ સ્લિપને મેચ કરવાના નિર્દેશો માંગતી અનેક અરજીઓ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી.

સુપ્રિમ કોર્ટના આ નિર્ણયથી એ વાત ક્લિન થઇ ગઇ છે કે ઈવીએમ મશીન થી જ મતદાન થશે. ઈવીએમ અને વીવીપેટનું ૧૦૦ ટકા મેચિંગ નહી કરવામાં આવે. ૪૫ દિવસ સુધી વીવીપેટની પર્ચીઓ સુરક્ષિત રહેશે. ઉમેદવારોના હસ્તાક્ષર સાથે સુરક્ષિત રહેશે, કોર્ટે સિંબલ લોડિંગ યુનિટ સીલ કરવાનો નિર્દેશ આપ્યો છે.

આ નિર્ણય આપતા જસ્ટિસ ખન્નાએ કહ્યું કે VVPAT વેરિફિકેશનનો ખર્ચ ઉમેદવારોએ પોતે ઉઠાવવો પડશે. જો કોઈ પણ પરિસ્થિતિમાં ઈવીએમ સાથે છેડછાડ થાય અથવાઈવીએમમાં કોઈ પ્રકારનું નુકસાન થાય

અનુસંધાન પાના નં.૪ પર

## મોદી નિમ્ન કક્ષાનું કરે છે રાજકારણ : મુકુલ વાસનિક

**ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રભારી આજથી ગુજરાતના પ્રવાસે : આગામી પાંચમી સુધી પ્રત્યેક લોકસભા બેઠકની લેશે મુલાકાત**

ગાંધીનગર : ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિક આજથી ગુજરાતના પ્રવાસે આવી પહોંચ્યા છે. તેઓ આજથી આગામી પાંચમી મે સુધી પ્રત્યેક લોકસભાથી રૂબરૂ થવાના છે. આજ રોજ તેઓએ આગમનની સાથે જ પીએમ પર શાબ્દીક વાર કર્યા હતા. તેઓએ કહ્યુ કે, પીએમ મોદી નિમ્ન કક્ષાની રાજનીતી કરીરહ્યા છે. મોદી દેશને ગેરમાર્ગે દોરી રહ્યા છે. અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ ખડગેએ તેઓને એક વિગતવાર પત્ર લખ્યો છે.

## મોરબી ઝુલતો પુલ દુર્ઘટના : જયસુખ પટેલે હાઈકોર્ટમાં રજુ કર્યુ સોગંદનામુ

ગાંધીનગર : મોરબી ઝુલતા પુલની દુર્ઘટનામાં ઓરવો કંપનીના માલીક જયસુખ પટેલને હાઈકોર્ટની ફટકાર લાગ્યા બાદ જ્ઞાન આવ્યુ હોય તેવી રીતે હવે સોગદનામુ રજુ કર્યુ છે. આજ રોજ રજુ કરવામા આવેલા સોગંદનામામાં જયસુખ પટેલ દ્વારા માફી માંગવામ આવી છે અને કહ્યુ છે કે કોર્ટના આદેશનુ સદાય પાલન કરતો રહીશે. આ સોગદનામામાં આર્થિક વળતરની વાતનો ઉલ્લેખ કરવામા આવ્યો છે. અત્યાર સુધીમાં ૧૪ કરોડ ૬૨ લાખની ચુકવણીઓ કરવામા આવી હોવાનુ પણ જણાવ્યું છે.

## કન્વીક્શન રેટ વધે તેવી કામગીરી કરવા જી એસ મલિકની તમામ પી.આઈને તાકીદ



(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ : અમદાવાદના પંડિત દીનદયાળ ઓડિટોરિયમ હોલ ખાતે અમદાવાદ શહેર પોલીસની કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા માટે યોજાયેલી ત્રિમાસિક ક્રાઈમ કોન્ફરન્સના મધ્યાહ્ને મીડિયા બ્રિફિંગ દરમ્યાન પોલીસ કમિશ્નર જ્ઞાનેન્દ્ર સિંહ મલિકે અમદાવાદમાં ગુનાખોરી ઘટી હોવાનો દાવો કર્યો હતો. જો કે, બંધ બારણે છેલ્લા ત્રણ માસ દરમ્યાનની કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કરતા પોલીસ ઈન્સ્પેક્ટર્સને અન્ય રાજ્યોની પોલીસની કામગીરી ના દાખલા આપી પોતાના પોલીસ સ્ટેશન વિસ્તારની ગુનાખોરી કાબુમાં લેવા અને ગુનેગારોને સજા થાય તે પ્રકારની મજબૂત તપાસ કરી કન્વીક્શન રેટ વધારવા અંગેની તાકીદ શહેર પોલીસ કમિશનર જી એસ માલિકે કરી.ચાર્જશીટ રજૂ કરવામાં અમદાવાદ પોલીસની સમય બદ્ધતાને પોલીસ કમિશ્નર દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી, પરંતુ યોગ્ય તપાસ નહીં થતી હોવાથી,તપાસ નબળી હોવાથી અથવા ખામી ભરેલી હોવાથી ગુનેગારો કોર્ટમાં સજાથી બચી જાય છે તે અંગે જી એસ માલિકે ચિંતા વ્યક્ત કરી હતી,રાજસ્થાન પોલીસના કન્વીક્શન રેટના આંકડાઓ અને અમદાવાદ પોલીસની કામગીરીની તુલના કરતા અમદાવાદ પોલીસને તપાસ પદ્ધતિ

અનુસંધાન પાના નં.૪ પર

## તિકડમ !

– દેવેન વ્યાસ



**મતદાનના દિવસે આંગળી પર થતું કાળું ટપકું દેશનો અંધકાર દુર કરશે !**

## ગુજરાતમાં કમોસમી વરસાદની માર

### તાપના ઉકળાટ વચ્ચે સુરત, નવસારી, વલસાડ, ભાવનગરમાં આજે વરસ્યો વરસાદ

ગાંધીનગર : ગુજરાતમાં ગરમીના પ્રકોપ વચ્ચે વરસાદ શરૂ થયો છે. જેમાં વલસાડ શહેરમાં કમોસમી વરસાદ ખાબક્યો છે. ત્યારે આજુબાજુના વિસ્તારમાં કમોસમી વરસાદ આવતા માવઠાના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

તેમજ માવઠાથી કેરીના પાકમાં નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ત્યારે સુરત જિલ્લામાં એકાએક કમોસમી વરસાદી ઝાપટા શરૂ થયા છે. સુરતના જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. સુરતના જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. તેમાં ઉમરપાડા અને ઓલપાડ તાલુકાના કેટલાક વિસ્તારમાં વરસાદી ઝાપટું આવ્યુ છે. માવઠાને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. તો માવઠાના કારણે ખેડૂતો ચિંતામાં મુકાયા છે. તેમજ દાહોદના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. વીજળીના કડાકા સાથે કમોસમી વરસાદ આવ્યો છે. દાહોદ સહિત આસપાસના વિસ્તારોમાં વરસાદ આવતા ખેડૂતો ચિંતિત થયા છે.રાજ્યના કેટલાક વિસ્તારમાં વહેલી સવારે વાતાવરણમાં પલટો આવ્યો છે. તેમાં વિવિધ શહેરના વિસ્તારમાં કમોસમી વરસાદ પડ્યો છે. વરસાદના કારણે સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરી છે. કમોસમી વરસાદના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. તેમજ કમોસમી વરસાદથી

અનુસંધાન પાના નં.૪ પર

## કાશ્મીરમાં સુરક્ષાદળો - આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર

(એજન્સી દ્વારા)

શ્રીનગર : જમ્મુ-કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં આજે ગુરુવારે સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. જમ્મુ અને કાશ્મીર પોલીસ (કાશ્મીર ઝોન) એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'સોપોર જિલ્લા પોલીસ વિસ્તારમાં ચેક મોહલ્લા નોપોરા ખાતે એક્રાઉન્ટર શરૂ થયું હતું.' પોલીસે જણાવ્યું કે હાલ ઓપરેશન ચાલુ છે.

## ફરવાના શોખીન ગુજરાતીઓ માટે મોટા સમાચાર : નર્મદામાં દોડશે ક્રુઝ : છેક મધ્યપ્રદેશ સુધી લઈ જશે

ગાંધીનગર : ફરવાના શોખીનો માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી અદભૂત સ્વર્ગ બની રહ્યું છે. અહી આવીને તમે જેટલું ફરો એટલુ ઓછું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસેથી વહેતી નર્મદા નદીમાં હવે ક્રુઝ ઉતારવાની તૈયારી ચાલી રહી છે. આ ક્રુઝ છેક મધ્ય પ્રદેશ સુધી જશે. હવો કેવડિયાથી મધ્ય પ્રદેશના ઓમકારેશ્વર સુધી ક્રુઝ દોડાવવાનું આયોજન છે. આગામી દિવાળી સુધી આ ક્રુઝ સફળ રીતે નર્મદા નદીમાં તરતી થઈ જશે.કેવડિયા ખાતે હવે ક્રુઝનું નવુ નજરાણું આવી રહ્યું છે. ખાસ વાત એ છે કે, આ ક્રુઝ છેક મધ્યપ્રદેશ સુધી જશે. આ ક્રુઝ કેવડિયાથી મધ્ય પ્રદેશ સુધીનું ૧૨૦ કિલોમીટર સુધીનું અંતર કાપશે. કેવડિયા સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી ચંદનખેડી, કુક્ષી સુધીના કુલ ૧૨૦ કિલોમીટરના રૂટ નક્કી કરવામાં આવ્યો છે અને કુક્ષીથી પ્રવાસીઓને રોડ માર્ગે ઓમકારેશ્વરમાં આવેલ સ્ટેચ્યુ ઓફ વનનેસ સુધી લઈ જવામાં આવશે.રસ્તામાં પ્રવાસીઓને મહેશ્વર, મંડલેશ્વર અને માંડુની મુલાકાત પણ કરાવવામાં આવશે. આ માટે મધ્યપ્રદેશમાં બે ચંદનખેડી-કુક્ષી અને સાકરજા-અલીરાજપુર ખાતે અને ગુજરાતમાં હાંફેશ્વર -છોટા ઉદેપુર અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી-કેવડિયા ખાતે જેટી સ્થાપવામાં આવશે.આ ક્રુઝ માટે મધ્યપ્રદેશ ટુરિઝમ બોર્ડ, ઈન્લેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને ગુજરાત

અનુસંધાન પાના નં.૪ પર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ચૈત્ર વદ - ૩, તા.૨૬ એપ્રિલ, શુક્રવાર

# મહાસંગ્રામ ૨૦૨૪ : બીજા તબક્કાનું મતદાન : કોને ફાયદો?-કોને થશે નુકસાન?

દેશમાં મહાસંગ્રામનુ પ્રથમ તબક્કાનુ મતદાન થવા પામી ગયુ છે અને આજ રોજ બીજા તબક્કાનું મતદાન ચાલી રહ્યું છે. આજ રોજ ૧૩ જેટલા રાજયોની ૮૮ બેઠકો પર મતદાન ચાલી રહ્યું છે. આજે કેટલાક ધુરંધરોના ભાવી પણ ઈવીએમમાં કેદ થવા પામી રહ્યા છે.

કયા રાજયોમાં કેટલી બેઠકો પર ચૂંટણી થઈ રહી છે? તેની જો વિગતે વાત કરીએ તો કેરળની તમામ ૨૦ લોકસભા સીટો પર ચૂંટણી થઈ રહી છે. કર્ણાટકમાં ૧૪, રાજસ્થાનમાં ૧૩, ઉત્તર પ્રદેશમાં આઠ, મહારાષ્ટ્રમાં આઠ, આસામમાં પાંચ, બિહારમાં પાંચ, છત્તીસગઢમાં ત્રણ, પશ્ચિમ બંગાળમાં ત્રણ અને ત્રિપુરા, મણિપુર અને જમ્મુમાં એક-એક બેઠક સહિત ૮૮ લોકસભા બેઠકો છે. અને કાશ્મીરમાં પણ મતદાન થઈ રહ્યું છે.આ ઉપરાંત ધુરંધરોના ભાવિ પણ આજ રોજ ઈવીએમમાં કેદ થવા પામી રહ્યા છે તેમાં કેરળના વાયનાડથી રાહુલ ગાંધી, તિરુવનંતપુરમથી કોંગ્રેસના શશિ થરૂર, મથુરાથી હેમા માલિની, રાજનાંદગાંવથી ભૂપેશ બઘેલ, બેંગલુરુ ગ્રામીણથી ડી.કે. સુરેશ અને તેજસ્વી સૂર્યા બેંગલુરુ દક્ષિણથી ચૂંટણી લડી રહ્યા છે.આજની ચૂંટણીને લઈને જો મહત્વપૂર્ણ વિષયોની વાત કરીએ તો દક્ષિણ ભારતમાં કોનો રહેશે દમ? શું ભાજપ અહી પગપેશારો કરી જશે? મતદારો અહી કોને પસંદ કરશે? કેરળમાં ભાજપ ખાતુ ખોલાવી શકશે? કર્ણાટકની બેઠકોમાં વધારો કરશે ભાજપ? ઉતરની બેઠકો પાછી મેળવી શકશે કોંગ્રેસ? હાલમાં ૮૮ બેઠકોમાંથી ૫૨ બેઠકો પર ભાજપનો કબ્જો છે. એનડીએ પાસે ૬૩ બેઠકો છે. ૮૮માંથી કોંગ્રેસને કેટલી બેઠકો મળશે? આજ રોજ યોજાઈ રહેલી આ ચૂંટણીનો જયારે ફેસલો બહાર આવશે ત્યારે આવા અનેક સવાલોના જવાબો મળવા પામી જશે.

# જનતાના સાથ અને સહકારથી ફરી એકવાર મોદી સરકારનું સ્વપ્ન સિદ્ધ થશે : વિનોદભાઈ ચાવડા






ભુજ : રાપર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ગામડાઓમાં ચૂંટણી પ્રચાર - પ્રસારમાં કચ્છ લોકસભા ભાજપના ઉમેદવાર વર્તમાન સાંસદ અને ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, નવા ભારતની વિચારસરણી, દરેક નીતિ અને વ્યૂહરચના જનકલ્યાણ દ્વારા રાષ્ટ્ર કલ્યાણની છે. એક ભારત શ્રેષ્ઠ ભારતની સંકલ્પના સાથે આજે દેશ વિકાસ અને શાંતિના માર્ગે આગળ વધી રહ્યો છે. છ દાયકાનો અંતરાય દુર કરીને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની સરકારે વિકાસની દોડમાં દેશના દરેક ક્ષેત્રમાં પરિવર્તનકારી સુધારાની નવી ગાથા લખી રહ્યા છે. કચ્છ અને કાશ્મીરમાં જી-૨૦ સંમેલનનું સફળતાપૂર્વક આયોજન કરી વૈશ્વિક દ્રષ્ટીએ કચ્છની ખમીરવંતી પ્રજાને ઉજાગર કરેલ છે. આજે કચ્છમાં કેન્દ્ર અને ગુજરાત સરકારે આર્થિક વિકાસ, ઔદ્યોગિક નીતિઓ બનાવી, પર્યટન માટે હોમ સ્ટેની સવલતો વિકસાવી કચ્છને નંદનવન બનાવવાના સંકલ્પ તરફ આપણે આગળ ધપી રહ્યા છીએ. નર્મદાના નીર, જલ જીવન મીશન, ગ્રામીણ વિસ્તારમાં શાળાઓ, આંગણવાડી, આરોગ્ય કેન્દ્રને પ્રાથમિકતા આપી છે. વર્તમાન પેઢી એક નવું ભવિષ્ય ઘડવાની પ્રેરણાથી પ્રેરીત છે. ભવિષ્ય હંમેશ ભૂતકાળના ખોળામાં જન્મે છે. દેશ માટે સમર્પિત વડાપ્રધાન મોદીના સંકલ્પને સાકાર કરવા માટે વધુને વધુ મતદાન અને નવા યુવા મતદારો અચૂક મતદાન કરે માટે તેમને પ્રેરીત કરવાની દરેક ગામડાઓમાં વિનોદભાઈએ અપીલ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકારે ગ્રામ્ય કક્ષાએ આર્થિક રીતે નબળા લોકોને મદદ કરવા શરૂ કરેલ લોકકલ્યાણ યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી જન-ધન યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના જેવી અનેક યોજનાઓ થકી ગ્રામજનોને ફાયદાઓ થયા છે તેમજ સ્વાસ્થ્ય સેવાઓને મજબુત કરવાના સંકલ્પ હેતુ શરૂ કરાયેલ આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના થકી દેશના જન-જન ને સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવા આરોગ્ય કવચ પ્રદાન કરવા સહિતના કાર્યની રૂપરેખા આપી હતી અને ફિર એક બાર મોદી સરકારનું આહ્વાન કર્યું હતું. રાપર તાલુકાના પ્રાગપર ગામ ખાતે ચૂંટણી પ્રવાસ દરમ્યાન પ્રાગપર, ઉમૈયા, કાનપર, સોનલવા, વલમપર, છોટાપર, ભૂટકિયા, ભીમાસર, હમીરપર નાની, હમીરપર મોટી, પદમપર, લાખાગઢ, મોડા, સણવા, મોમાયમોરા, ખાંડેક, ફતેહગઢ, શાનગઢ, માંજુવાસ, શિવગઢ, મોવાણા, દોરાથાણા, વ્રજવાણી, બેલા, ધબડા, આણંદપર, બાલાસર, જાટાવાડા, ગઢડા રાસાજી, લોદ્રાણી, શિરાણીવાંઢ, વેરસરા, રતનપર, ગણેશપર, ગઢડા, ધોળાવીરા, ખારોડા, કલ્યાણપર, અમરાપર અને ગેડી ગામમાં બેઠકો યોજી અચૂકથી મતદાન કરી જનસમર્થન આપવા માટે અપીલ કરી હતી. આ ચૂંટણી પ્રવાસ દરમ્યાન જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, રાપરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, રાપર તાલુકા ભાજપ પ્રમુખ નશાભાઈ દૈયા, રાપર વિધાનસભા પ્રભારી કમલેશભાઈ દેસાઈ, રાપર તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન જયદેવસિંહ જાડેજા, તાલુકા પંચાયતના ચેરમેન કિશોરભાઈ મહેશ્વરી, જિલ્લા ભાજપ અનુ.જાતિ પ્રમુખ અશોકભાઈ હાથી, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ લક્ષ્મણસિંહ સોઢા, પાર્ટી હોદ્દેદાર કાનજીભાઈ ગોહિલ, કેશુભા વાઘેલા, ડોલરરાય ગોર, હરિભાઈ રાઠોડ સાથે કાર્યકર્તાઓ જોડાયા હતા.

# નખત્રાણા પોલીસે પકડેલી ટોળકીનો સાગરીત કૂખ્યાત નીકળ્યો



ભુજ : નખત્રાણા તાલુકાના ઉગેડી વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે શંકાસ્પદ જોવા મળતા ત્રણ ઈસમો રાજસ્થાનના બાડમેરના શંભુસિંહ અનોપસિંહ રાઠોડ, મોતીસિંહ સાંગસિંહ સોઢા, રમેશગીરી ઈશ્વરગીરી ગોસ્વામીની અટક કરવામાં આવી હતી. તેઓના કબજામાંથી લોખંડના ચોરી કરવા માટેના અલગ અલગ સાધનો મળી આવ્યા હતા.

ત્રણ લાખની બોલેરો સાથે તેઓની અટક કરવામાં આવી હતી. દરમિયાન ઉગેડીમાં આવેલી પવનચક્કીમાં ચોરી કરવાના ઈરાદે ગેટમાં તોડફોડ કરાતા ફરિયાદ થઈ હતી. જેમાં આ ત્રણેય શખ્સોની સંડોવણી સામે આવી છે. જેથી ત્રણેયની અટક કરવામાં આવી છે. આ ઉપરાંત પુછપરછ કરતા આરોપી શંભુસિંહ અનોપસિંહ રાઠોડ કૂખ્યાત હોવાનું સામે આવ્યું હતું. તેની સામે થરાદ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલો છે. જે ગુનામાં તે ફરાર હતો. જેથી થરાદ પોલીસને તેનો કબજો અપાયો છે. શંભુસિંહ સામે રાજસ્થાનના અલગ અલગ ૧૧ પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયેલા છે. આ કામગીરીમાં પીઆઈ એ.એમ.મક્વાણાના માર્ગદર્શનમાં એએસઆઈ યશવંતદાન ગઢવી, જયંતીભાઈ માજીરાણા તેમજ સ્ટાફના નિકુંજદાન ગઢવી, જશરાજભાઈ ચારણ, આનંદભાઈ ચૌધરી, મુકેશભાઈ ચૌધરી, વનરાજસિંહ જાડેજા, મોહનભાઈ ગઢવી, મયંકભાઈ જોષી, લાખાભાઈ રબારી, મીત પટેલ, રતનાભાઈ રબારી, નિલેશભાઈ સોલંકી, કરણસિંહ સોઢા સહિતના જોડાયા હતા.

# કુકમાના સામૂહિક આપઘાત પ્રકરણમાં હવે પતિ સામે ફોજદારી

**ઘરકામ બાબતે ત્રાસ અપાતા પરીણિતાએ બે સંતાનો સાથે ભર્યું અંતિમ પગલું**

ભુજ : તાલુકાના કુકમા ગામે ૨૩ વર્ષિય પરીણિતાએ તેના બે સંતાનોને ફાંસો આપી પોતે પણ આપઘાત કરી લીધો હતો. જે બનાવમાં અગાઉ હતભાગી પરીણિતા સામે પતિએ હત્યાની ફરિયાદ નોંધાવી હતી. હવે આ મામલામાં ખુદ પતિ સામે પત્ની અને બાળકોને મરવા માટે મજબૂર કરવાની કલમો તળે ગુનો દાખલ થયો છે.

ફરિયાદી અમદાવાદમાં રહેતા પૂજાબેન વિજયભાઈ ચૌહાણે જણાવ્યું કે, હતભાગી સંગીતાબેન તેમની ફઈની દીકરી થાય છે. આરોપી પતિ વિજયભાઈ પાંચાભાઈ દેત્રોજા (ઠાકોર) દ્વારા હતભાગી સંગીતાબેનને ઘરકામ કરવા બાબતે અવાર-નવાર શારીરિક માનસીક ત્રાસ આપી મરવા માટે મજબૂર કરવા આવી હતી. જેથી તેણે ચાર વર્ષિય દીકરી સંધ્યા અને દોઢ વર્ષિય દીકરા રાજવીરને ફાંસો આપી પોતે પણ આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે પધ્ધર પોલીસે તપાસ હાથ ધરી છે.

# માંડવી, અંજાર, લખપત તથા રાપર તાલુકામાં મતદાર કાપલી વિતરણ શરૂ




**ડોર ટુ ડોર સંપર્ક કરી મતદાન જાગૃતિ પ્રવૃતિ કરાઈ**

ભુજ : લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત જિલ્લામાં મતદાન જાગૃતિ વધે અને મતદાનની ટકાવારી ઉંચી આવે તેવા હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કચ્છ અમિત અરોરા અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈના માર્ગદર્શનમાં કચ્છ જિલ્લામાં સ્વીપ હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે. કચ્છમા મતદાન જાગૃતિ સંદર્ભે ડોર ટુ ડોર સંપર્ક અભિયાન સાથે મતદાર કાપલી વિતરણ સાથે ચુનાવી પાઠશાળાનું આયોજન કરીને મતદાન જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે.

જિલ્લામાં ઠેરઠેર ચુનાવી પાઠશાળાનું આયોજન થઈ રહ્યું છે. તેમજ ડોર ટુ ડોર સંપર્ક કરીને મતદાન જાગૃતિ કરવામાં આવી રહી છે. ત્યારે રાપર, માંડવી તેમજ અંજાર, લખપત તાલુકામાં વિવિધ ગ્રામ્યમાં ચુનાવી પાઠશાળા અંતર્ગત વાલીઓને મતદાન જાગૃતિ માટે સમજણ આપવામાં આવી હતી તેમજ મતદાર કાપલીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડોર ટુ ડોર સંપર્ક કરીને મતદારોને મતદાનનું મહત્વ સમજાવીને ભૂલ્યા વગર મતદાન કરવા અપીલ કરાઈ હતી.

# કે.સી.એ. ભુજની અન્ડર-૨૩ની ટીમ માટે સિલેકશન

ભુજ : આંતર જિલ્લા અન્ડર-૨૩ (યુ-૨૩)ની ટૂર્નામેન્ટ માટે સીલેકશન નેટ તા. ૨૮-૪ના રોજ સવારે ૮ કલાકે લાલજી રૂડા પીંડોળીયા સંકુલ ગ્રાઉન્ડ પર રખાઈ છે. દરેક ખેલાડી સફેદ યુનિફોર્મમાં પોતાની ક્રિકેટ કીટ સાથે જન્મનું પ્રમાણપત્ર અસલ, આધારકાર્ડ, પાનકાર્ડ, બોનોફાઈડ સર્ટિફીકેટ ત્રણ વર્ષની માર્કશીટ તથા ફી સાથે હાજર રહેવા જેમની જન્મ તારીખ ૧-૯-૨૦૦૧ પછી હોય તેવા ખેલાડીઓ ભાગ લઈ શકશે. કે.સી.એ. ભુજના સીલેકશનમાં ભુજ, મુન્દ્રા, માંડવી, નખત્રાણા તથા અબડાસા તાલુકાના ખેલાડીઓ જ ભાગલઈ શકશે તેવું કે.સી.એ.ના મંત્રીની યાદીમાં જણાવાયું છે.

# કચ્છ-મોરબી લોકસભા બેઠકના ૧૫૬૮ મતદારોએ હોમ વોટિંગ કર્યું

**દિવ્યાંગો અને ૮૫ વર્ષની વયના મતદારોએ હોમ વોટિંગ કરીને નિભાવી પોતાની ફરજ : જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરના માર્ગદર્શનમાં ૧૦૭ જેટલી ટીમોએ હોમ વોટિંગ કરાવવામાં કરી મદદ**




ભુજ : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે ૮૫ વર્ષની ઉંમરના વરિષ્ઠ નાગરિકો તથા વિકલાંગ મતદારો ઘર બેઠા પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જે માર્ગદર્શિકા અન્વયે કચ્છ સંસદીય મતદાર વિભાગમાં બી.એલ.ઓ. દ્વારા સર્વેની કામગીરી કરવામાં આવી હતી. જે અન્વયે કચ્છના ૬૫-મોરબી સહિતના અલગ અલગ મતદાર વિભાગમાંથી ૮૫ વર્ષ કેટેગરીના ૧૨૯૬ મતદારો તથા ૪૧૫ પીડબલ્યુડી મતદારો સહિત કુલ ૧૭૧૧ મતદારોના ફોર્મ પ્રાપ્ત થયા હતા.

આ વિગતે કુલ ૧૭૧૧ મતદારોના ઘરે જઈને વોટિંગ કરાવવા કચ્છ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા કુલ ૧૦૭ જેટલી પોલીંગ ટીમો, માઈક્રો ઓબ્ઝર્વર, પોલીસ તથા વીડિયોગ્રાફર સહિત અધિકારીઓ સાથે ઘરે જઈને તા.૨૫/૪ થી તા.૨૮/૪ સુધી મતદાન કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે, જેમાં ગુરૂવારે ૮૫+ ઉંમર ધરાવતા તથા પીડબલ્યુડી મતદારો દ્વારા હોમ વોટિંગ કરવામાં આવ્યું હતું. જે પૈકી ૮૫ કેટેગરીના ૧૧૯૭ મતદારો તથા ૩૭૧ પીડબલ્યુડી મતદારો સહિત કુલ ૧૫૬૮ મતદારો દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું.

ધ્રીયા ઈરીગેશન Rivulis
ટપક પદ્ધતિ
સબસીડી ૭૦%થી ૮૦%
સંપર્ક : બ્રાન્ચ ઓફિસ
ભચાઉ - 95372 02403
રાપર - 93233 62436
ડોણ - 95949 85115
DHRIYA ESSENTIAL OILS
ઓફિસ : ગુંદાલા ચોકડી, ગુંદાલા, મુંદ્રા
✆ 95949 15013

# મતદાર જાગૃતિ માટે એમઓયુ કરેલી ૩૧ સંસ્થાઓ તેમજ ઔદ્યોગિક એકમોની કામગીરીની કલેક્ટરે સમીક્ષા કરી



ભુજ : લોકસભા સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને મતદારો ચૂંટણી પ્રક્રિયા સક્રિય રીતે સહભાગી થાય, ચૂંટણી પ્રક્રિયા અંગે જરૂરી જાણકારી મેળવે તે માટે કચ્છની ૩૧ જેટલી સંસ્થાઓ અને ઔદ્યોગિક એકમો સાથે એમઓયુ કરવામાં આવ્યા હતા. જેના પગલે અત્યારસુધી થયેલી અસરકારક મતદાર જાગૃતિ કામગીરી તથા આવનારા સમયમાં કરવાપાત્ર કામગીરીના સંદર્ભમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કચ્છ કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને રીવ્યુ બેઠક યોજાઈ હતી. ટીઆઈપી નોડલ તથા જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. પ્રજાપતિએ તમામ સંસ્થાના પ્રતિનિધિઓને આવકારીને આગામી ચૂંટણી પર્વમાં ઉદ્યોગો સાથે સંકળાયેલા શ્રમજીવી વર્ગ તથા કર્મચારીઓ મહત્તમ મતદાન કરે દિશામાં કામગીરી કરવા અનુરોધ કર્યો હતો. જિલ્લા ચૂંટણી અધિકારી અને કચ્છ કલેક્ટરશ્રી અમિત અરોરાએ કચ્છ જિલ્લામાં આવેલા અગત્યના ઔદ્યોગિક એકમોની સાથે સંકળાયેલા કામદારો, શ્રમિકો ચૂંટણી વિષયક તથા મતદાર જાગૃતિ પ્રવૃત્તિઓમાં સહભાગી થાય તેમજ મતદાનના દિવસે તેમને મળવાપાત્ર પેઈડ રજાનો ઉપયોગ કરીને મતદાન કરવા અચૂક મતદાન મથક સુધી પહોંચે તે અંગે જાગૃતિ સાથે જરૂરી તમામ વ્યવસ્થા ઉભી કરવા ખાસ સૂચન કર્યું હતું. શ્રમિક વર્ગને મતદાન કરવા માટે પ્રોત્સાહન મળે તે માટે એકમોને ખાસ અવસર ડિસ્કાઉન્ટ પ્લાન ઘડવા, ઈન્સેન્ટીવ કે અન્ય ખાસ પ્રોત્સાહક યોજના બનાવવા જણાવાયું હતું. ખાસ કરીને લેબર કોલોનીમાં મતદાન જાગૃતિની પ્રવૃતિ કરવા કલેક્ટરે ખાસ સૂચના આપી હતી. તમામ મોટા ઉદ્યોગ ગૃહો સાથે સ્વીપ અંતર્ગત ખાસ બેઠકનું આયોજન કરવા કલેક્ટરે સ્વીપના નોડલ તથા સંબંધિત તંત્રના અધિકારીઓને જણાવ્યું હતું.

બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ ૨૮ એપ્રિલ પોતાના બૂથને ઓળખો કાર્યક્રમમાં તમામને સહભાગી થવા અપીલ કરી હતી, જેથી મતદાના દિવસે મતદાન મથક સુધી પહોંચવા મતદારોને સુગમતા પડે તેમજ તેઓ આ બાબતે જાગૃત બની શકે. ઔદ્યોગિક સંસ્થાઓ સહિત દિવ્યાંગો માટે કામ કરતી સંસ્થાઓ તેમજ ડીઆરડીએ કચ્છ, પીજીવીસીએલ, ફોકીઆ કચ્છ, ડીપીએ ગાંધીધામ, કાસેઝ ગાંધીધામ, વેલસ્પન અંજાર, અદાણી પોર્ટ મુંદરા, જીએમડીસી ગઢશીશા, જીએમડીસી માતાનામઢ, જીએમડીસી ઉમરસર, જીએમડીસી પાન્ધ્રો, એમડીએમ એસોશિએસન કચ્છ, એફપીએસ એસો. કચ્છ, ચાઈનાક્લે એસો. કચ્છ, બેન્ટોનાઈટ એસો. કચ્છ, સરહદ ડેરી, નવચેતન અંધજન મંડળ, જીઆઈડીસી નખત્રાણા, જીઆઈડીસી નાગોર, જીઆઈડીસી ધ્રબ, અલ્ટ્રાટેક સિમેન્ટ વાયોર, સાંઘી સિમેન્ટ સાંઘીપુરમ, બીકેટી કંપની અંજાર, ચેમ્બર્સ ઓફ કોમર્સ ગાંધીધામ અને ટીમ્બર્સ એસો. ઓફ ગાંધીધામના ઉપસ્થિત પ્રતિનિધિઓએ તેમના એકમ કે સંસ્થા દ્વારા થયેલી મતદાન જાગૃતિ અંગેની કામગીરી અંગે કલેકટરને અવગત કર્યા હતા તેમજ આવનારા દિવસના અન્ય આયોજન સંદર્ભે જાણકારી આપી હતી. આ બેઠકમાં સ્વીપ નોડલ અધિકારી બી.એમ. વાઘેલા અને તેમની સમગ્ર ટીમ દ્વારા આ કાર્યક્રમના આયોજન અને સંકલન બાબતે જહેમત ઉઠાવવામાં આવી હતી.




અંજાર વિધાનસભાના ૮૫ વર્ષથી વધુ ઉંમરના અને દિવ્યાંગ મતદારો કે જેઓ બુથ પર જઈને મતદાન નથી કરી શકે તેમ તેવા કુલ ૧૦૨ મતદારોના ઘરે મુલાકાત લઈ ચુંટણી પંચની ગાઈડલાઈન મુજબ મતદાન કરાવવામાં આવેલ.

# ભુજની બીએમસીબી નર્સિંગ કોલેજના ફર્સ્ટ ટાઈમ વોટરોએ મતદાનના સંકલ્પ લીધા




ભુજ : લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત જિલ્લામાં મતદાન જાગૃતિ વધે અને મતદાનની ટકાવારી ઉંચી આવે તેવા હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કચ્છ અમિત અરોરા અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈના માર્ગદર્શનમાં કચ્છ જિલ્લામાં સ્વીપ હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે ત્યારે બીએમસીબી નર્સિંગ કોલેજ, ભુજના તાલીમાર્થી વિદ્યાર્થીઓ પાસેથી કચ્છ જિલ્લાની સ્વીપ ટીમ દ્વારા ફર્સ્ટ ટાઈમ વોટનું મહત્વ સમજાવીને ફર્સ્ટ ટાઈમ વોટર એવા કોલેજના લગભગ ૫૦૦ કરતા પણ વધુ તાલીમાર્થીઓ અને તેમના વાલીઓ પાસે અચૂક મતદાન કરવા માટેના સંકલ્પ લેવડાવ્યા હતા.

ભુજના ટાઉનહોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં કચ્છ યુનિવર્સિટી ભુજના વાઈસ ચાન્સેલર મોહનભાઈ પટેલ, સીડીએમઓ ડૉ.કશ્યપ બૂચ, બીએમસીબી કોલેજના આચાર્યા ડૉ.અંબિકા સી. અને તેમનો સમગ્ર સ્ટાફ, સ્વીપ ટીમના નોડલ અધિકારી બી.એમ.વાઘેલા વતી શિવુભા ભાટી અને માયાબેન જોશી ઉપસ્થિત રહ્યા હતા.

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**
સેકટર-૧-એ,ગાંધીધામ,પિન:૩૭૦૨૦૧
Email : mam-gandhidham@gujarat.gov.in ફેક્સ નં./ફોન નં. (02836)250270

**જાહેર નોટીસ** અરજી નં.૧૦/૨૦૨૪

શ્રી રાકેશ રાજેશ આશનાણી,
રહે. બંગલો નં.૯૬, તુલસી છાયા,
સેકટર નં.૧૨/સી, ગાંધીધામ-કચ્છ ........................ અરજદાર
વિરૂદ્ધ
સબ રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી
અધિકારીશ્રી, નગરપાલિકા, ગાંધીધામ-કચ્છ. ........................ સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**
**સંદર્ભ:- અરજદારશ્રીની તા.૧૬/૦૨/૨૦૨૪ વાળી અરજી**

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, શ્રી રાકેશ રાજેશ આશનાણી, રહે. બંગલો નં.૯૬, તુલસી છાયા, ગીતામંદિર રોડ, સેકટર નં.૧૨/સી, ગાંધીધામ-કચ્છ. વાળાની ઉકત સંદર્ભવાળી અરજીથી અરજદારશ્રીના બહેન કોમલ રાજેશનો જન્મ તા.૦૫/૦૯/૧૯૮૮ના રોજ ગાંધીધામ મધ્યે થયેલ છે. પરંતુ અરજદારશ્રીની જન્મની નોંધ નગરપાલિકા ગાંધીધામના જન્મ રજીસ્ટરમાં થયેલ નથી. તેથી જન્મ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મની અરજી નં.૧૦/૨૦૨૪ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેમના બહેનનો જન્મ નોંધણી જે તે વખતે કાયદાકીય અજ્ઞાનતાના કારણે કરાવવાની રહી ગયેલ હોઈ સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

તા.૨૪/૦૪/૨૦૨૪

(ડી. એમ. પરમાર)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગાંધીધામ કચ્છ.

**NOTICE**

In the court of the Hon'ble Chief Judicial Magistrate of Karur
MCOP No. 402 of 2023

Meena — Petitioner
-VS-
1, Rajesh Gupta — 1st Respondent
S/o. Kanaiyalal, Plot No. 339, Sathwara Colony,
Sector 5, Gandhidham, Gujarat - 370 201.

NOTICE TO THE 1ST REPONDENT

The petitioner had filed a petition in the captioned case against you and the 2nd respondent for claiming compensation for the injuries sustained her in a road accident. The above said case is stands posted on 10-06-2024 before the court of the Hon'ble Chief Judicial Magistrate ar Karur, State of Tamilnadu. Therefore, you are hereby called upon to appear either in person or through an advocate before the aforesaid Hon'ble court on 10-06-2024 at 10:30 am and give your objection if any falling which the matter will be decided in your absence are notified that an experte order will be passed against you.

Advocate for Petitioner
K.SURESH, B.B.M.,B.L.,
ADVOCATE
35, SOUTH LAKSHMIPURAM,
KARUR-639001.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યું. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# આવતીકાલે હાજીપીરના મેળાને વિધિવત ખુલ્લો મુકાશે





## મેળા માટે પોલીસ દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ગોઠવાયો : પંચાયત દ્વારા ૨૫૦થી ૩૦૦ પ્લોટની ફાળવણી કરાઈ

# નખત્રાણા પંથકમાં હાજીપીર પદયાત્રીના કેમ્પો ધમધમાટ




નખત્રાણા : મહાન ભારતના મહાનતા સર્વ-ધર્મ સમભાવના જગ મગાવતા સિતારા ભારતના સૂફી સંતો-મહંતો તમામ ધર્મના અને તેની વાસ્તવિકતા ઉજાગર કરતો મહત્ત્વનો ઉદેશ આપનાર ઓલીયા સંત હાજીપીર વલીના ઉર્સને હજુ ચાર દિવસની વાર છે તે પહેલાં જ નખત્રાણા પંથકના સાંયરા, મંજલ, મંગવાણા, યક્ષ, દેવપર, અંગીયા, નખત્રાણા, કોટડા, મથલ, દેશલપર ઉપરાંત પાવરપટ્ટીના નિરોણા, બિબ્બર, વંગ, ડાડોર, નાની બન્ની વિસ્તારમાં હાજીપીર જતા પદયાત્રીના સેવાર્થે પદયાત્રી કેમ્પોનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. ચો તરફથી બાબાના દરબારે માથુ ટેકવવા માટે માનવ રેલો હાજીપીર તરફ ફંટાયેલો જોવા મળે છે. આ પદયાત્રીકોને રસ્તામાં કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે ઠેર-ઠેર સેવા કેમ્પ ધમધમતા કરવામાં આવ્યા છે. જેમાં આરામ માટે મોટો સમયાણો, સવારે ચા-પાણી-નાસ્તો, બપોરે અને રાત્રે ભોજન સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. સાથો સાથ મેડિકલ સેવા તેમજ મોબાઈલ ચાર્જ સહિતની સેવાઓ પણ કેમ્પમાં ઉપલબ્ધ કરવામાં આવી છે. જેનો બહોળી સંખ્યામાં પદયાત્રીઓ લાભ લેતા નજરે પડે છે અને ભર ઉનાળે રણના શહેનશાહના દર્શનાર્થે જાય છે. કહેવાય છે કે, હાજીપીર બાબાની માનતા પુરી કરનાર કદી ખાલી હાથે પાછો ફરતો નથી. એકવાર જેની માનતા પૂર્ણ થઈ હોય તે શ્રદ્ધાળુઓ પછી દર વર્ષે પગપાળા હાજીપીર બાબાની દરગાહ પર માથું ટેકવવા માટે પધારે છે. તેને કારણે પણ પદયાત્રીઓની સંખ્યામાં દર વર્ષે વધારો થતો જોવા મળે છે. આ વર્ષે બાબાના દરબારમાં બે લાખ ઉપરાંત શ્રદ્ધાળુઓ માથું ટેકવશે. અત્યારે પદયાત્રી હાજીપીર તરફ જઈ રહ્યા છે તેમાં મુસ્લિમ સમુદાય જ શ્રદ્ધાળુઓ છે તેવું નથી, પરંતુ લગભગ તમામ કોમના બિરાદરો આ પ્રવામા સામેલ હોય છે. આથી કોમી એકતા છલકતી જોવા મળે છે. ગુજરાત - મહારાષ્ટ્ર સહિતના પ્રદેશના શ્રદ્ધાળુ પગપાળા હાજપીરી સુધી પહોંચી રહ્યા છે અને ૨૪ કલાક પદયાત્રી કેમ્પ પદયાત્રીથી છલકાઈ રહ્યા છે. મનગમતા ભોજનીયા પણ પીરસાઈ રહ્યા છે તો ક્યાંક મોટા કેમ્પમાં રાસુડા, કચ્છી લોકગીતોના પ્રોગ્રામો પણ થઈ રહ્યા છે. રસ્તાઓ પર હાજીપીર વલીના કેસેટો પણ વાગી રહી છે. અમુક કેમ્પોમાં ઠંડા-પીણા, શેરડી રસ, આઈસ્ક્રિમ સહિત પાંઉભાજી, રગડો, ભેળની સુવિધા રાખવામાં આવી છે તો રાત્રે પોલીસ દ્વારા પણ પેટ્રોલિંગ થઈ રહ્યો છે. હાજીપીર બાબાના જયઘોષ સાથે શ્રદ્ધાળુઓ રસ્તો કાપતા જાય છે. તેમાં અબાલ, બાળ, વૃદ્ધ, મહિલાઓ મોટા પ્રમાણમાં જોવા મળે છે તેવું વિનયકાંત ગોરની યાદીમાં જણાવામાં આવ્યું છે.

ભુજ : કચ્છની રણકાંધીએ વાર્ષિક પરંપરા અનુસાર દર વર્ષે ચૈત્ર માસમાં ભરાતા હાજીપીર મેળાને આખરી ઓપ અપાયો છે. ગુરૂ, શુક્રવાર સુધીમાં ૧ લાખ લોકોએ માથું ટેકવ્યું હતું.

કચ્છની કોમી એકતાનો પ્રતિક એવો હાજીપીર બાબાના મેળોને આવતીકાલે વિધિવત ખુલ્લો મુકાશે જે, સોમવાર સુધી ચાલશે. આ મેળા દરમિયાન લાખો શ્રદ્ધાળુઓ પગપાળા અને ગાડીઓ દ્વારા હાજીપીર બાબા પાસે પોતાની મનત પૂરી કરે છે. પોલીસ દ્વારા નરા પીએસઆઈવી ગોહિલના જણાવ્યું હતું કે, મેળામાં બંદોબસ્ત માટે ૪૦૦ પોલીસ, ૧૨ પીએસઆઇ, ત્રણ પીઆઈ, એક ડીવાયએસપી ત્રણ દિવસ સુધી ૨૪ કલાક બંદોબસ્તમાં રોકાશે. એસટી દ્વારા વધારાની એસટી બસો ફાળવવામાં આવશે. એસટી દ્વારા ૨૫ તારીખથી વન બાય વન રૂટો ચાલુ કરી દેવાયા છે.

પાણી પુરવઠા દ્વારા પૂરતો પાણીનો જથ્થો જળવાઈ રહે તે માટે ૨૪ કલાક નરા અને હાજીપીરથી સપ્લાય ચાલુ કરવામાં આવશે. આ મેળામાં રવાપર ડિવિઝન જીબી દ્વારા લાઈટ પુરવઠો જળવાઈ રહે તે માટે સતત ૨૪ કલાક તેમ હાજર રહેશે. ગોરીવલી પીએસસી કેન્દ્ર દ્વારા શનિવારથી આરોગ્ય સેવા ચાલુ કરવામાં આવશે. પ્રાથમિક શાળા હાજીપીર મેળામાં ખાણીપીણી, રમકડા, કટલેરીની આઈટમોના સ્ટોલ, લુણાગ્રામ પંચાયત દ્વારા અંદાજે ૨૫૦થી ૩૦૦ પ્લોટ ફાળવણી કરવામાં આવશે. તલાટી અમીનભાઈ સમા અને સરપંચ હાજી ભચાયાએ જણાવ્યું હતું. આ મેળાને વ્યવસ્થા માટે હાજીપીર વ્યવસ્થાપક સમિતિના હાજી અબાસ અને પૂર્વ પ્રમુખ હાજી દાઉદ વ્યવસ્થા સંભાળી રહ્યા છે. પાણી પુરવઠાના હનુભા જાડેજા હાજીભાઈ અર્ચન કંપની દ્વારા પણ પાણીની ટેન્કરની વ્યવસ્થા કરવામાં આવી છે. પાણીની તકલીફ ન પડે તે માટે ૩ લાખ લીટર પાણીનો ટાંકો ભરવાની તૈયારી આરંભાઈ ગઈ છે.

# મોટા અંગીઆ ભીભામા પદયાત્રી કેમ્પની લખપત મામલતદારે મુલાકાત લીધી



નખત્રાણા : અંગીઆ ફાટક નજીક ભીભામા દરગાહ પાસે પદયાત્રી કેમ્પની લખપત મામલતદાર સલીમભાઈએ મુલાકાત લીધી હતી. ગામના સરપંચ ઈકબાલભાઈ ઘાંચી તેમનું સન્માન કર્યું હતું. મર્હૂમ ઈબ્રાઈમ લંગા-ખોંભડીએ સ્થાપના કરેલ આ પદયાત્રી કેમ્પ ૧૫ વર્ષથી ચાલુ છે. ચાર દિવસ આ કેમ્પમાં જમવા, ચા-પાણી, મેડિકલ સહિતની સુવિધા ઉપલબ્ધ હોય છે. ઈમાનશાહ હાસમશા બાવા, સિંકદર લંગા, હનીફ ઉસ્તાદ, યુસુફ ઉસ્તાદ, અબ્દુલ લંગા, સુમરા હસન આદમ, દાઉદ જત, અભુભાઈ (મા. મઢવાળા), ઈબ્રાઈમ તુરિયા, જાકબ ખત્રી સહિત નખત્રાણા, મોટા અંગીઆ, યુવા સર્કલ સેવા કેમ્પમાં ૨૪ કલાક સેવા આપે છે.

# નખત્રાણામાં ટ્રાફિકનો પ્રથમ માથાનો દુ:ખાવો

**વણાથ ચોકમાં અત્યારથી ટ્રાફિક જામ થાય છે તો હાજીપીર મેળામાં સોમવારે, મંગળવારે ટ્રાફિક વ્યવસ્થા કેવી હશે : પોલીસ પગલા લે તે સમયની માંગ**



નખત્રાણા : હાજીપીર ઉર્સ મેળાને ચાર દિવસની રાહ છે તે પહેલા નખત્રાણા બસ સ્ટેન્ડ, વથાણ ચોકમાં ટ્રાફિકનો પ્રશ્ન માથાનો દુ:ખાવો બન્યો છે. કાલે પદયાત્રી અને ખાનગી વાહનોના લીધે ટ્રાફિક જામ થાય છે તો સોમવારે, મંગળવારે જ્યારે હજારો ખાનગી વાહનો અહીંથી રીટર્ન થશે ત્યારે ટ્રાફિકની પરિસ્થિતિ કાબુ બહાર હશે. ટ્રાફિકને લઈ નખત્રાણા પોલીસ અત્યારે પગલા ભરે તેવી માંગ ઉઠી છે. ખાસ તો વથાણ ચોકમાં ખાણીપીણી માટે ખાનગી વાહનો ઊભા રહે છે તેની વ્યવસ્થા થવી જોઈએ. બસ સ્ટેન્ડ પાસે ટ્રાફિક પોલીસ પોઈન્ટ પણ વધારવા જોઈએ, ટ્રાફિક સર્જાતા વાહન ચાલકો સામે કડક પગલાં પોલીસ ભરે તેવી માંગ ઉઠી છે.

# કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસીએશનના પ્રમુખ પદે નવઘણ આહિરની સર્વાનુમતે વરણી : મહેન્દ્રસિંહ જાડેજા








ભુજ : કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસીએશનની જનરલ મિટીંગ કુકમા ખાતે સંસ્થાના પ્રમુખ નવઘણભાઈ આહિરના અધ્યક્ષ સ્થાને મળી હતી. સ્વાગત પ્રવચન રાજુભાઈ એમ. આહિર અને સંસ્થાના ઉપપ્રમુખે કર્યું હતું. ત્યારબાદ સંસ્થાના પ્રમુખ નવઘણભાઈ દ્વારા હિસાબો તેમજ સંસ્થા દ્વારા કરવામાં આવેલ કામગીરીનો અહેવાલ રજુ કરાયો હતો. જેમાં કુકમા ગામે સંસ્થાની માલિકીની જમીન આશરે ૭ એકર ખરીદી કરવામાં આવી છે અને માતાનામઢ ખાણની સામે મોજે લીફરી ખાતે ચાર એકર જમીન ખરીદી કરેલ છે. જયાં પાર્કિંગની વ્યવસ્થા અને સંસ્થાની ઓફિસ બનાવી ડ્રો પદ્ધતિથી ઓફિસ કાર્યરત કરી હતી અને ટ્રક માલિકોને ડ્રાઈવરોના અકસ્માત વીમા ભરી સમગ્ર રાજ્યમાં પ્રથમ વખત ડ્રાઈવરો માટે વીમા પોલિસીનું આયોજન સંસ્થા દ્વારા આરટીઓ અને સરકાર સાથે સંકલનમાં રહી કરવામાં આવી હતી, સહિતના સંસ્થાના કામોનું વર્ણન કરી છેલ્લા બે ટર્મથી સંસ્થા ૭ કરોડ જેટલી માતબર રકમ તથા સંસ્થાની પ્રોપર્ટી ઉભી કરેલ છે. તેમણે સભામાં હાજર ટ્રક માલિકો અને ટ્રાન્સપોર્ટરોનો આભાર વ્યકત કર્યો હતો. ત્યારબાદ નવા પ્રમુખની વરણી માટે નવઘણભાઈ વાસણભાઈ આહિરના નામની દરખાસ્ત સંસ્થાના ઉપપ્રમુખ મહેન્દ્રસિંહ જાડેજા જામસાહેબ બરાયા તરફથી કરવામાં આવી હતી. દરખાસ્તને ટેકો સંસ્થાના મંત્રી કાનજી પાંચા ગાગલે આપ્યો હતો. બેઠકમાં હાજર ત્રણ હજારથી વધારે ટ્રક માલિકો દ્વારા હાથ ઉંચા કરી નવઘણભાઈને સમર્થન આપી બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

આ બેઠકમાં ટ્રક વ્યવસાય સાથે સંકળાયેલા અબડાસાના ધારાસભ્યપ્રદ્યુમનસિંહજાડેજા, અર્જુનસિંહ જાડેજા (પશ્ચિમ કચ્છના પ્રમુખ), રાજુભાઈ એમ. આહિર, મહેન્દ્રસિંહ પી. જાડેજા, ખેંગારભાઈ રબારી, માવજીભાઈ ગુસાઈ, કાનજીભાઈ (કેપી), અરજણભાઈ ડાંગર, ભાવેશભાઈ ગુસાઈ, નવલસિંહ જાડેજા, દામજીભાઈ આહિર, સામજીભાઈ ડાંગર, માદેવાભાઈ બરારીયા, ભાવેશભાઈ આહિર, રામજીભાઈ આહિર (ગાંધીધામ), ભગુભાઈ ચાંદ્રા, બળવંતસિંહ જાડેજા (સામખિયાળી), વાઘજીભાઈ માતા, વેલાભાઈ આહિર (વંગ), હરીભાઈ કેરાસીયા, ભુરાભાઈ બતા, ધનજીભાઈ ભુરાભાઈ, વાલાભાઈ ભચુભાઈ, વાલાભાઈ રૂપાભાઈ, બાબુભાઈ (કુકમા), મુકેશ ચાડ, રણછોડ માતા, જેન્તીભાઈ ચાડ, રણછોડ માતા (લાખાપર), જગદીશભાઈ ગાગલ, ધનજી રૂપા, રમેશ ડેકા, ભીમજી કેરાસીયા, સલીમભાઈ, ફકીરમામદભાઈ (ભારાપર), આશાભાઈ રબારી તેમજ બહોળી સંખ્યામાં ટ્રક માલિકો ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, કચ્છના ધારાસભ્યો વિરેન્દ્રસિંહ જાડેજા, કેશુભાઈ પટેલ, અનિરૂદ્ધભાઈ દવે, માલતીબેન મહેશ્વરી, ત્રિકમભાઈ છાંગા, પૂર્વ રાજયમંત્રી વાસણભાઈ આહિર, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષા ડો.નિમાબેન આચાર્ય, જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજા, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસો.ના કાર્યકારી પ્રમુખ મુકેશભાઈ દવેએ સમગ્ર રાજ્યની કારોબારી વતી અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કચ્છ જિલ્લામાંથી વરણીને આવકાર મળ્યો હતો. તેવું સંસ્થાના ઉપપ્રમુખ મહેન્દ્રસિંહ જાડેજા (જામસાહેબ)ની યાદીમાં જણાવાયું છે.

# ભુજ સ્વામિનારાયણ મંદિરની કથામાં ગોવર્ધન ઉત્સવની ઉજવણી





ભુજ : નૂતન સ્વામિનારાયણ મંદિર ખાતે સંત સ્મૃતિ મહોત્સવ અને ભાગવત કથામાં ગઈકાલે ગોવર્ધન ઉત્સવની ભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવી હતી. કથા શ્રવણ માટે ઉમટેલા હરિભક્તોએ ઉજવણીમાં ભાગ લીધો હતો. તે પૂર્વે બુધવારે સ્વામિનારાયણ મંદિર ખાતે ગોકુળિયો માહોલ છવાયો હતો. મંદિર પરિસરમાં ચાલી રહેલી શ્રીમદ ભાગવત પારાયણમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરાઈ હતી, જેમાં યજમાનો દ્વારા ભગવાન કૃષ્ણનાં બાળ સ્વરૂપને ટોપલીમાં પધરાવીને સ્ટેજ સુધી લાવવામાં આવ્યા હતા. કથા મંડપમાં જ બાલગોપાલ દ્વારા દાંડિયા રાસની રમઝટ બોલાવાઈ હતી. શ્રોતાઓ તરફ ચોકલેટ, પીપર સહિતની વર્ષા કરવામાં આવી હતી. શાસ્ત્રી સ્વામી શ્યામકૃષ્ણદાસજી અને શાસ્ત્રીસ્વામી દેવવિહારીદાસજીએ કથા દરમ્યાન ભગવાન શ્રીકૃષ્ણની પ્રાગટ્ય લીલા પ્રસંગને વર્ણવ્યો હતો. ભગવાન મથુરાથી ગોકુલમાં ટોપલીમાં નંદબાબાને ઘેર મૂકવામાં આવ્યા બાદ ગોકુલ લીલાને વર્ણવવામાં આવી હતી, જેમાં મખન લીલા, બાળગોપાલ લીલા, સાંબેલે બાંધવાની લીલા સહિતનું વર્ણન કરીને શ્રોતાઓને કૃષ્ણમય બનાવ્યા હતા. આ તકે નંદઘેર આનંદ ભયો જય કનૈયા લાલકીનાં નારા સાથે ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રાગટયને વધાવવાની સાથે રાસનું પણ વર્ણન કરવામાં આવ્યું હતું. પુષ્પવૃષ્ટિ સાથે ભગવાનને પારણે ઝૂલાવવામાં આવ્યા હતા. કથા પારાયણના મુખ્ય યજમાન નિલેશ ધીરજલાલ સરસાવાડીયા પરિવારે કૃષ્ણ જન્મોત્સવનો લાભ લીધો હતો. આજે સાંજે કથા મંડપમાં રૂક્ષ્મણી વિવાહનો પ્રસંગ ઉજવાશે. આવતીકાલે કથાની પૂર્ણાહુતિ થશે. આ તકે મહંત સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ્વામી ભગવદજીવનદાસજી, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, જૂનાગઢ મંદિરના મુખ્ય કોઠારી પી.પી.સ્વામી, ગઢડા મંદિરના ચેરમેન હરજીવન સ્વામી, દ્વારકાધામના ચંદ્રપ્રકાશદાસજી આદિ વડીલ સંતોએ આશીર્ચવનો પાઠવ્યા હતા. સભા સંચાલન શાસ્ત્રીસ્વામી હરિકૃષ્ણદાસજી તથા શાસ્ત્રીસ્વામી કૃષ્ણજીવનદાસજીએ કર્યું હતું. જ્યારે સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજી, સ્વામી કપિલમુનિદાસજીએ કથા દરમ્યાન સંગીતનાં સથવારે સાથ કથાને આપ્યો હતો.

## ભજારભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| **ભુજ માર્કેટ યાર્ડ** | | એરંડા | ૧૧૦૧-૧૧૧૭ | લીંબુ | ૩૦-૧૧૦ |
| **૧૦૦ કિલોના ભાવ** | | ગોવાર | ૧૦૦૦-૧૦૧૧ | પીત્તાઈ ગાજર કેશરી | ૧૫-૩૦ |
| ગોવાર | ૫૨૧૯-૫૨૮૦ | સાખજીરૂ | ૪૦૦૦-૪૪૩૦ | દુધી | ૩-૧૨ |
| વરિયાળી | ૪૨૫૦-૬૫૦૦ | વરિયાળી | ૮૫૦-૧૧૭૨ | આદુ | ૧૦૦-૧૫૦ |
| તુવેર | ૯૦૦૦-૯૭૪૦ | ઈશબગુલ | ૨૦૮૦-૨૧૦૦ | કારેલા | ૧૫-૩૦ |
| **ભુજ માર્કેટ યાર્ડ** | | રાયડો | ૯૦૦-૯૧૦ | શક્કરિયા | ૨૦-૩૫ |
| **૪૦ કિલોના ભાવ** | | અજમો | ૨૦૦૦-૨૨૮૫ | ચોળા ડોલર | ૨૦-૫૦ |
| એરંડા | ૨૧૫૦-૨૨૦૯ | ધાણા | ૧૧૧૧-૧૨૭૦ | ચોળી | ૪૦-૮૦ |
| ઈશબગુલ | ૪૪૦૦-૪૮૧૦ | **ભુજ માર્કેટ યાર્ડ** | | ગીલોડા | ૨૫-૩૫ |
| ધાણા | ૨૬૦૦-૨૬૬૦ | **(૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)** | | મરચા સીમલા | ૨૦-૫૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | | ડુંગળી | ૧૫-૧૮ | ગોવાર દેશી | ૨૦-૪૦ |
| **૧૦૦ કિલોના ભાવ** | | બટેટા | ૨૦-૨૬ | ગોવાર | ૧૫-૪૦ |
| વરિયાળી | ૨૮૬૦-૬૧૯૦ | ટમેટા | ૩-૧૨ | ગીસોડા | ૮-૨૦ |
| ગોવાર | ૫૨૦૦ | લીલી ડુંગળી | ૮-૨૦ | પરવળ | ૭૦-૮૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | | મરચા | ૧૦-૪૦ | સરગવો | ૧૦-૩૫ |
| **૪૦ કિલોના ભાવ** | | મરચી | ૩૦-૭૦ | ગેલકા | ૧૦-૨૦ |
| એરંડા | ૨૧૧૮-૨૨૫૦ | રીંગણા કાળા | ૫-૧૮ | કોળુ | ૭-૧૪ |
| કપાસ | ૨૮૦૦-૨૯૫૧ | રીંગણા બાજરીયા | ૫-૨૦ | મેથી | ૧૦-૩૦ |
| જીરૂ | ૭૬૦૦-૯૦૨૦ | કોબી દેશી | ૫-૧૫ | **ભુજ ફ્રુટ બજાર** | |
| ઈશબગુલ | ૩૮૦૧-૫૦૫૨ | કોબી | ૫-૧૦ | કેળા કાચા | ૧૦-૨૦ |
| રાયડો | ૧૮૬૧-૧૮૭૫ | ફુલાવર | ૧૦-૨૦ | કેળા પાકા | ૩૦-૩૫ |
| **રાપર માર્કેટ યાર્ડ** | | ફુલાવર દેશી | ૬-૨૦ | પપૈયા કાચા | ૫-૧૫ |
| જીરૂ | ૩૩૦૦-૪૩૨૧ | વટાણા | ૮૦-૯૦ | પપૈયા પાકા | ૧૦-૨૫ |
| એરંડા | ૧૦૬૭-૧૦૯૬ | ધાણા | ૧૫-૩૦ | જામફળ | ૧૫-૩૫ |
| વરિયાળી | ૮૦૩-૧૧૯૨ | ભીંડા | ૧૫-૩૫ | ચીકુ | ૧૫-૩૦ |
| ઈશબગુલ | ૧૫૦૦-૨૩૨૦ | કાકડી કાળી | ૫-૧૫ | શક્કરટેટી | ૧૦-૩૦ |
| અજમો | ૨૦૦૨ | કાકડી સફેદ | ૫-૧૫ | કાચી કેરી | ૧૦-૪૦ |
| મગ | ૧૦૦૦ | કાકડી ખીરા | ૧૫-૩૦ | પાકી કેરી | ૩૦-૭૦ |
| તલ | ૧૯૦૦ | પાલક | ૧૫-૩૦ | ફણસી | ૭૦-૯૦ |
| **ભચાઉ માર્કેટ યાર્ડ** | | લસણ સુકું | ૧૪૦-૧૬૦ | દાડમ | ૧૫-૬૦ |

# પાક. જેલમાંથી ૩૫ માછીમાર સહિત ૩૬ ભારતીયોનો ૩૦મીએ છૂટકારો

**મોટાભાગનાને વર્ષ ૨૦૨૨-૨૩માં પાક. મરીન ઉઠાવી ગઈ હતી : તા. ૧ મેના દિને વાઘા બોર્ડર પહોંચશે : પરિવારજનો ખુશઃ જો કે, એ સિવાયના હજુ ૧૫૩ માછીમારો પાકિસ્તાન જેલમાં બંદીવાન રહેશે**

પોરબંદર : પાકિસ્તાનની મરીન સીકયુરિટી એજન્સી દ્વારા ઉઠાવી જવામાં આવેલા અને પાકિસ્તાનની જેલમાં પૂરી દેવામાં આવેલા ભારતીય ખલાસીઓ પૈકી ૩૫ માછીમાર અને ૧ સિવિલિયન સહિત ૩૬ લોકોને પાકિસ્તાન સરકાર આખરે ૩૦મી એપ્રિલે મુકત કરશે. જો કે, આટલા બંદીવાનો છૂટી જશે ત્યારબાદ પણ ૧૫૩ જેટલા માછીમારો પાકિસ્તાનની જેલમાં રહેશે.પોરબંદર માછીમાર બોટ એસો.ના પૂર્વપ્રમુખ અને ખારવાસમાજના અગ્રણી જીવનભાઈ જુંગીએ જણાવ્યુ હતુ કે પાકિસ્તાની મરીન સિકયુરીટી એજન્સી દ્વારા અનેક ભારતીય માછીમારોને બંદીવાન બનાવવામાં આવે છે. તેમાં સૌથી વધુ માછીમારો ગુજરાતના હોય છે ત્યારે હાલ પાકિસ્તાની જેલમાં સબડી રહેલા માછીમારો પૈકી ૩૬ જેટલા લોકોને પાકિસ્તાનની જેલમાંથી ૩૦ એપ્રિલના મુકત કરવામાં આવશે, જેમાં ૩૫ માછીમારો છે અને ૧ સીવીલીયન હોવાનું જાણવા મળ્યુ છે. તેમણે ઉમેર્યુ હતુ કે પાકિસ્તાન દ્વારા ઉઠાવી જવામાં આવેલા માછીમારો પૈકી વર્ષ ૨૦૨૨-૨૩ માં જે ખલાસીઓને ઉપાડી જવામાં આવ્યા હતા તે પૈકીના આ ૩૬ હોવાનું સામે આવ્યુ છે. વધુમાં પ્રાપ્ત વિગત પ્રમાણે પાકિસ્તાનની જેલમાં બંદીવાન માછીમારો પૈકી વર્ષ ૨૦૨૧માં પકડી જવામાં આવેલા અનેક માછીમારોને હજી મુકત કરવામાં આવ્યા નથી, તેમની ડોકયુમેન્ટ વેરીફીકેશનની કામગીરીમાં કોઈ વિલંબ થયો હોવાથી અને તેની ઓળખ અંગેની કામગીરી નહીં થઈ હોવાથી છોડવામાં આવ્યા નથી ત્યારે તેમની પાસેથી એક પત્ર પણ મોકલવામાં આવ્યો છે, જેમાં તેમની પીડા દર્શાવાઈ છે.

તા. ૩૦મી એપ્રિલના પાકિસ્તાન દ્વારા ખલાસીઓને છોડવામાં આવનાર છે તેવી જાહેરાત થતા તેમના પરિવારજનોમાં ખુશીની લાગણી જોવા મળી છે. આ તમામ માછીમારો પહેલી મેના રોજ વાઘા બોર્ડર પર પહોંચશે ત્યારબાદ સરકાર તેનો કબ્જો લેશે. છોડવામાં આવી રહેલા ૩૫ જેટલા માછીમારો પૈકી એક માછીમાર વિજય મોહન નામનો યુવાન ખલાસી પોરબંદરનો હોવાનુ પણ જાણવા મળ્યુ છે.

# કર્ણાટકમાં મુસ્લિમ ક્વોટા પર રાજનીતિ

**૨૯ વર્ષ પહેલા દેવેગૌડા સરકારે રાજ્યમાં મુસ્લિમો માટે આરક્ષણ લાગુ કર્યું હતું**

(એજન્સી દ્વારા) કર્ણાટક : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કર્ણાટકની ઓબીસી સૂચિમાં મુસ્લિમ સમુદાયના સમાવેશ પર કોંગ્રેસના નેતૃત્વવાળી સિદ્ધારમૈયા સરકારના નિર્ણયની નિંદા કરી છે. રેકોર્ડ દર્શાવે છે કે આ આરક્ષણ સૌપ્રથમ ૧૯૯૫માં એચડી દેવગૌડાના જનતા દળ દ્વારા લાગુ કરવામાં આવ્યું હતું. રસપ્રદ વાત એ છે કે, દેવેગૌડાની હવે ભાજપની આગેવાની હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સની સાથી છે.મધ્યપ્રદેશમાં એક રેલીમાં પીએમ મોદીએ કોંગ્રેસને 'ઓબીસી સમુદાયની સૌથી મોટી દુશ્મન' ગણાવી હતી અને કહ્યું હતું કે, કોંગ્રેસે ફરી એકવાર કર્ણાટકમાં પાછલા બારણે ઓબીસીની સાથે તમામ મુસ્લિમ જાતિઓનો સમાવેશ કરીને ધાર્મિક આધાર પર આરક્ષણ આપ્યું છે. આ પગલાથી ઓબીસી સમુદાય અનામતના નોંધપાત્ર ભાગથી વંચિત રહી ગયો છે.જ્યારે વિવાદ વધ્યો, ત્યારે કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાએ કહ્યું કે, કોંગ્રેસે પછાત વર્ગમાંથી મુસ્લિમોને અનામત સ્થાનાંતરિત કર્યાનો દાવો એક ઘોર જુઠ્ઠાણું છે. તેમણે એવો પણ સવાલ કર્યો હતો કે શું ભૂતપૂર્વ વડા પ્રધાન દેવેગૌડા હજુ પણ મુસ્લિમોના ક્વોટાના તેમના સમર્થન પર ઊભા છે અથવા નરેન્દ્ર મોદીને શરણે થયા છે. કારણ કે દેવેગૌડાએ તેની શરૂઆત કરી હતી.સિદ્ધારમૈયાએ પૂછ્યું, શું એક સમયે મુસ્લિમો માટે આરક્ષણ લાગુ કરવાનો દાવો કરનારા દેવેગૌડા હજુ પણ તેમના સ્ટેન્ડ પર અડગ છે? કે પછી તેઓ નરેન્દ્ર મોદીને શરણે જશે અને તેમનું અગાઉનું સ્ટેન્ડ બદલશે? તેમણે રાજ્યના લોકોને આ સ્પષ્ટ કરવું જોઈએ.૧૯૯૫ માં, દેવેગૌડા સરકારે કર્ણાટકમાં મુસ્લિમોને ૨બી હેઠળ ચાર ટકા આરક્ષણ આપ્યું હતું, જે ઓબીસી ક્વોટામાં ચોક્કસ વર્ગીકરણ હતું. ૧૪ ફેબ્રુઆરી, ૧૯૯૫ ના રોજ કર્ણાટક સરકારના આદેશમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ચિન્પ્પા રેડ્ડી કમિશનના અહેવાલના આધારે નિર્ણય લેવામાં આવ્યો છે અને અનામતને ૫૦ ટકા સુધી મર્યાદિત કરવાના સુપ્રીમ કોર્ટના નિર્દેશને અનુસરે છે. રેડ્ડી કમિશને મુસ્લિમોને ઓબીસી લિસ્ટ હેઠળ કેટેગરી ૨માં સામેલ કરવાની ભલામણ કરી હતી.આ અહેવાલને સૌપ્રથમ વીરપ્પા મોઈલીની આગેવાની હેઠળની કોંગ્રેસ સરકાર દ્વારા ધ્યાનમાં લેવામાં આવ્યો હતો અને ૨૦ એપ્રિલ અને ૨૫ એપ્રિલ ૧૯૯૪ના આદેશ દ્વારા મુસ્લિમો, બૌદ્ધો અને ખ્રિસ્તી ધર્મમાં ધર્માંતરિત લોકો માટેની અનુસૂચિત જાતિઓને 'વધુ પછાત' કેટેગરી ૨ તરીકે ઓળખવામાં આવી હતી. છ ટકા અનામતની જાહેરાત કરવામાં આવી હતી. બી માં જ્યારે મુસ્લિમોને ચાર ટકા અનામત આપવામાં આવી હતી. બે ટકા બૌદ્ધો અને એસ.સી માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા જેમણે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો.

# છત્તીસગઢમા ૭ નકસલીઓની ધરપકડ

નવી દિલ્હી : છત્તીસગઢના નક્સલ પ્રભાવિત બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળોએ બે મહિલાઓ સહિત સાત નક્સલવાદીઓની ધરપકડ કરી છે. નક્સલવાદીઓ પાસેથી વિસ્ફોટકો મળી આવ્યા છે. પોલીસ અધિકારીઓએ આ જાણકારી આપી છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે સુરક્ષા દળોએ જિલ્લાના ગંગાલુર પોલીસ સ્ટેશન વિસ્તારના ચોખાનપાલ ગામના જંગલમાં બે મહિલાઓ સહિત સાત નક્સલવાદીઓની ધરપકડ કરી હતી.

# આખરે ૧૨ IPSની બદલી : સિંઘલ JCP ક્રાઇમ, રાજિયાન DCP ક્રાઇમ

**માંડલિકને CID ક્રાઇમમાં, ડો. લવિનાને સાયબર ક્રાઇમનો હવાલો, લાંબા સમયે ડેપ્યુટેશનથી પરત આવેલા ગગનદીપ ગંભીર એડમિન અને વત્સ સુરતના જેસીપી ક્રાઇમ**

અમદાવાદ : લાંબા સમયથી અમદાવાદ ગુજરાતમાં મહત્ત્વની જગ્યાઓ માટે **IPS** અધિકારીઓ બદલી અને બઢતી માટે વાટ જોવાતી હતી. ચૂંટણી પંચે પખવાડિયા પહેલાં ૩૫ અધિકારીની બદલી - બઢતીની જાહેરાત કરી હતી. ત્યાર બાદ ગુરુવારે સાંજે બદલી પાર્ટ-ટુમાં પોસ્ટિંગના વેઈટિંગમાં રહેલા લગભગ તમામ અધિકારીઓને પોસ્ટિંગ આપવામાં આવ્યા છે. જેમાં સુરત ક્રાઇમ બ્રાંચનું લાંબા સમય સુધી સૂકાન સંભાળી ચૂકેલા શરદ સિંઘલને અમદાવાદ ક્રાઇમ બ્રાંચના જેસીપીની જવાબદારી સોંપવામાં આવી છે. ક્રાઇમ બ્રાંચના એડી. સીપી નિરજ બડગુજરને એડી. સીપી સેક્ટર-૧ અમદાવાદની જવાબદારી સોંપાઇ છે. જ્યારે લાંબા સમયથી અમદાવાદ ક્રાઇમ બ્રાંચના ડીસીપીની ખાલી પડેલી જગ્યાએ અમદાવાદ સાયબર ક્રાઇમ બ્રાંચના અજીત રાજિયાનની નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત લાંબા સમય સુધી કેન્દ્રમાં ડેપ્યુટેશન પર ફરજ બજાવી પરત આવેલા ગગનદીપ ગંભીરને એડી. ડીજીપી વહીવટ(આઈજીપીની પોસ્ટ અપગ્રેડ કરી)નો ચાર્જ સોંપવામાં આવ્યો છે. જ્યારે રાઘવેન્દ્ર વત્સને સુરત ક્રાઇમ બ્રાંચના જેસીપીની જવાબદારી સોંપવામાં આવી છે. અમદાવાદ ક્રાઇમ બ્રાંચમાં લાંબા સમય સુધી સફળ કામગીરી કરનાર ચૈતન્ય માંડલિકને સીઆઇડી ક્રાઇમના એસ.પી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે અમદાવાદ ઝોન-૧ ડીસીપી તરીકે ફરજ બજાવી ચૂકેલા ડો. લવિના સિંહાને અમદાવાદ સાયબર ક્રાઇમ બ્રાંચના ડીસીપીનું પોસ્ટિંગ આપવામાં આવ્યું છે. જ્યારે ઉષા રાડાને સાબરકાંઠા ખાતે એસઆરપી ગ્રૂપ-૬ની જવાબદારી સોંપવામાં આવી છે. સુરત ક્રાઇમ બ્રાંચના પહેલા મહિલા ડીસીપી બનવાનું શ્રેય પ્રાપ્ત કરનાર રૂપલ સોલંકીને ગાંધીનગર ડીજીપી ઓફિસ ખાતે સ્ટાફ ઓફિસ ઈન્ચાર્જની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે અમદાવાદ ક્રાઇમ બ્રાંચ સંલગ્ન આર્થિક ગુના નિવારણ શાખાના ડીસીપી ભારતી પંડ્યાને ટેકનિકલ સ્ટાફના એસ.પી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.ગુજરાતમાં મહત્ત્વની ખાલી પોસ્ટ ભરવા માટે સરકાર દ્વારા પણ ચૂંટણી પંચ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. જેને પગલે ચૂંટણી પંચે લાંબા સમથી સુરત પોલીસ કમિશનરતરીકેની ખાલી પડેલી જગ્યા ભરવા માટે અનુપમસિંહ ગેહલોતની બદલી કરવામાં આવી હતી. જ્યારે વડોદરા કમિશનર તરીકે નરસિમ્હા કોમરને જવાબદારી સોંપવામાં આવી હતી. સુરત, અમદાવાદ અને બોર્ડર રેંજના અધિકારીઓની પણ નિમણૂક કરવામાં આવી હતી. ત્યાર બાદ સૌથી મહત્ત્વની એવી અમદાવાદ ક્રાઇમ બ્રાંચના ડીસીપીની ખાલી જગ્યા ચૂંટણી ટાણે ભરવી અનિવાર્ય હતી, જેને પગલે રાજિયાનને તે જવાબદારી સોંપવામાં આવી છે.પોસ્ટિંગ માટે વેઈટિંગમાં રહેલા ૧૦ પૈકી જગદીશ પટેલ સિવાયના તમામને પોસ્ટિંગ આપી દેવામાં આવ્યા છે. જ્યારે જે અધિકારીઓને અમદાવાદ-ગાંધીનગર નજીકમાં જ પોસ્ટિંગ માટેની માગણી હતી તેમની માગણીને પણ ધ્યાને લેવામાં આવી છે.

કોને ક્યાં પોસ્ટિંગ અપાયું

૧) ગગનદીપ ગંભીર (વેઈટિંગ ફોર પોસ્ટિંગ) આઈજીપી એડમિન(અપગ્રેડ)

૨) રાઘવેન્દ્ર વત્સ (વેઈટિંગ ફોર પોસ્ટિંગ) જેસીપી ક્રાઇમ, સુરત

૩) શરદ સિંઘલ (વેઈટિંગ ફોર પોસ્ટિંગ) જેસીપી અમદાવાદ ક્રાઇમ

૪) નિરજ બડગુજર એડી. સીપી, ક્રાઇમ બ્રાંચ, એડી. સીપી સેક્ટર ૧

૫) ચૈતન્ય માંડલિક (વેઈટિંગ ફોર પોસ્ટિંગ) એસ.પી. સીઆઇડી ક્રાઇમ

૬) મનિષસિંઘ (વેઈટિંગ ફોર પોસ્ટિંગ) એસપી, એમ.ટી ગાંધીનગર

૭) ઉષા રાડા (વેઈટિંગ ફોર પોસ્ટિંગ) કમાન્ડન્ટ SRP ગ્રૂપ ૬ સાબરકાંઠા

૮) અજીત રાજિયાન ડીસીપી સાયબર ક્રાઇમ, ડીસીપી ક્રાઇમ બ્રાંચ

૯) ડો. લવિના સિંહા (વેઈટિંગ ફોર પોસ્ટિંગ) ડીસીપી સાયબર ક્રાઇમ

૧૦) હિમાંશુ વર્મા સ્ટેટ ટ્રાફિક બ્રાંચ-૧ ગાંધીનગર, DCP ઝોન-૧ અમદાવાદ

૧૧) રૂપલ સોલંકી (વેઈટિંગ ફોર પોસ્ટિંગ) સ્ટાફ ઓફિસ, DGP ઓફિસ ગાંધીનગર

૧૨) ભારતી પંડ્યા( વેઈટિંગ ફોર પોસ્ટિંગ) SP ટેકનિકલ સર્વિસ, ગાંધીનગર

# મારામારીના ગુનામાં સંડોવાયેલ પાંચોટીયાનો શખ્સ ઝડપાયો



ગાંધીધામ : શહેરમાં છ મહિના અગાઉ રેલવે સ્ટેશનના ગેટ પાસે સર્વિસ રોડ પર જાહેરમાં મારામારી કરવાના ગુનામાં સંડોવાયેલા માંડવી તાલુકાના પાંચોટીયા ગામના પુનશીભાઈ આલાભાઈ ગઢવીને બી-ડિવિઝન પોલીસે ઝડપી લીધો હતો. બાતમીના આધારે ગાંધીધામથી તેને ઝડપી લેવાયો હોવાનું પીઆઈ એમ. ડી. ચૌધરી અને પીએસઆઈ એલ. એન. વાઢીયાએ જણાવ્યું હતું.

# મુંદરા તાલુકામાં ક્ષત્રિય સમાજમાં આક્રોશ, આજે ધર્મરથ કરશે પ્રવેશ

મુદરા : રાજકોટ બેઠકના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ અને રાજવીઓને અપમાનિત કરતા નિવેદન સામે ક્ષત્રિય સમાજમાં આક્રોષ ફેલાયો છે, જેની અસર ગુજરાત જ નહીં રાજસ્થાનમાં પણ તેની અસર જોવા મળી રહી છે. ત્યારે મુંદરા તાલુકાના કાંડાગરા, સિરાચા, નવીનાળ, ભુજપુર, સમાઘોઘા, વિરાણિયા, ભદ્રેશ્વર, લુણી, રામાણિયા, પત્રી, વાંકી, રતાડિયા, મોખા, મુંદરા, ગોયરસમા, બરાયા, કારાઘોઘા, કુંદરોડી, તુલડી તેમજ અન્ય ગામોમાં ક્ષત્રિયની સંખ્યા મોટી સંખ્યા છે. તે ગામોમાં રૂપાલાનો વિરોધ જોવા મળી રહ્યો છે. ત્યારે ક્ષત્રિય નારીની અસ્મિતાની લડાઈને જન જન સુધી લઈ જવાના હેતુથી ધર્મરથ કચ્છની યાત્રાએ છે. ત્યારે મુંદરા તાલુકામાં ક્ષત્રિય સમાજ દ્વારા રણનીતિ ઘડાઈ છે. મોટા કાંડાગરા, ટુંડા, સિરાચામાં આજે બપોરે ધર્મરથ આવશે, ત્યારબાદ ૨:૩૦ કલાકે રામાણિયા, નાની તુબડી, મોટી તુંબડી, બેરાજા, ગજોડ, ચુનડી, બબિયા, ટપ્પર, કણઝરા, દેશલપર, નવીનાળ, બપોરે ૩:૩૦ કલાકે મોટી ભુજપુર, ગેલડા, પ્રાગપર, ચોકડી, પ્રાગપર, બરાયા, કારાઘોઘા, ટોડા, વિરાણિયા, ૪:૧૫ કલાકે લાખાપર, વાંકી, પત્રી તે બાદ મુંદરા શહેર બારોઈ, શહેરની તમામ સોસાયટીઓ, લુણી, મંગરા, ભોરારા, સોઢા કેમ્પ, મુંદરા ક્ષત્રિય સમાજવાડીમાં ૫ કલાકે સભા તે બાદ ભદ્રેશ્વર, મોખા, રતાડિયા, કુંદરોડી, રામગઢ લફરા, હટડી જેવા ગામોમાં ફરશે તેવું રાજપૂત કરણી સેનાએ જણાવ્યું છે.

# 'પક્ષનું કરજ ચૂકવી ફરજ અદા કરો..' વિરોધ વચ્ચે ભાજપના દબાણથી વફાદાર ક્ષત્રિયો સામે ધર્મસંકટ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : લોકસભાની ચૂંટણીમાં ક્ષત્રિયો વિરુધ્ધ ટિપ્પણી કર્યા પછીય પરષોત્તમ રૂપલાની તરફેણ કરવી ભાજપ માટે અઘરૂ સાબિત થઈ રહ્યું છે. હવે ભાજપને ગળે હાડકુ ભરાયુ છે. જો ક્ષત્રિયો એકતરફી ભાજપ વિરૂધ્ધ મતદાન કરે તો પરિણામ પરં ભલે અસર થાય નહીં પણ ભાજપને ધાર્યો લક્ષ્યાંક પાર પડી શકે નહીં.

આ જોતાં હવે ભાજપ ક્ષત્રિયોના મનામણા માટે ધમપછાડા કરી રહ્યુ છે. એટલુ જ નહીં, ક્ષત્રિયો પીછેહટ કરવાના મતમાં નથી એટલે ભાજપે હવે રાજપૂતોની સામે 'ભાજપૂતો'ને મેદાને ઉતારવા નક્કી કર્યું છે. આ જોતા ભાજપ હાઈકમાન્ડે પર હવે ભાજપ તરફી ક્ષત્રિય ધારાસભ્યો, નેતાઓ પર પર દબાણ કરી સૂચના આપી છે કે, પદ ભોગવ્યું, પ્રતિષ્ઠા મેળવી. હવે પક્ષનું કરજ ચૂકવો.

રૂપાલાની ટિકિટ રદ ન કરતાં હવે ક્ષત્રિય આંદોલન પાર્ટ-૨નો પ્રારંભ થઈ ચૂક્યો છે. રાજકોટ, સુરેન્દ્રનગર, જામનગર, દ્વારકા, અંબાજીમાં ધર્મયાત્રા શરૂ થઈ ચૂકી છે જેમાં મોટી સંખ્યામાં ક્ષત્રિયોનો જનસમૂહ ઉમટી પડયો છે. આ ઉપરાંત શહેરો તો ઠીક, ગ્રામ્ય સ્તરે પણ ક્ષત્રિયોનો વિરોધ વંટોળ યથાવત રહ્યો છે. ક્ષત્રિય આંદોલન પાર્ટ-૨નિ આક્રમકતા બાદ ભાજપ પ્રદેશ નેતાગીરી દોડતી થઈ છે.

# ચૂંટણી ટાણે જ અમેરિકાએ મોદી સરકાર માટે મુસીબત ઉભી કરી, ભારતે આપ્યો વળતો જવાબ

નવીદિલ્હી : અમેરિકન વિદેશ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા માનવાધિકાર અંગેના અહેવાલને ભારતે સંપૂર્ણપણે ફગાવી દેતાં તેને પક્ષપાતી ગણાવ્યો છે. ભારતે કહ્યું કે કેન્દ્ર સરકાર તેને કોઈ મહત્વ આપતી નથી. ભારતના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આવા અહેવાલોથી ભારતની છબી બગાડવાના પ્રયાસો થઈ રહ્યાં છે. અમેરિકાના રિપોર્ટમાં મે ૨૦૨૩માં મણિપુરમાં મહિલાઓનું ઉત્પીડન અને જાતીય હિંસા, બીબીસી પર આઈટીના અધિકારીઓ દ્વારા દરોડા, કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા જેવા આંતરરાષ્ટ્રીય દમનના કિસ્સાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. એક અહેવાલ મુજબ જ્યારે ભારતના વિદેશ મંત્રાલયને અમેરિકાથી આવેલા માનવાધિકાર અંગેના અહેવાલ વિશે પૂછવામાં આવ્યું ત્યારે મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જવાબ આપ્યો કે આ અહેવાલ અત્યંત પક્ષપાતી છે અને ભારતની છબીને ખરાબ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. અમે આવા હેવાલને કોઈ મહત્ત્વ આપતા જ નથી. અમેરિકાના માનવાધિકાર અંગેના અહેવાલમાં દાવો કરાયો છે કે મણિપુરમાં મૈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે ઓછામાં ઓછા ૧૭૫ લોકો માર્યા ગયા છે અને ૬૦,૦૦૦ થી વધુ લોકો વિસ્થાપિત થયા છે.

# જો સરકાર મજબૂર કરશે તો ભારત છોડી દઈશું : હાઇકોર્ટમાં Whatsapp

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : દિલ્હી હાઈકોર્ટમાં વોટ્સએપે એક્રિપ્શન હટાવવાનો ઈંકાર કરી દીધો છે. અને સાથે એવું પણ કહ્યું છે કે જો સરકાર આવું કરવા મજબૂર કરશે તો ભારત છોડી દઈશું. દિલ્હી હાઈકોર્ટમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપ (Whatsapp)એ સ્પષ્ટ કહ્યું છે કે જો તેને મેસેજ એક્રિપ્શન હટાવવા માટે મજબૂર કરવામાં આવશે વોટ્સએપ ભારતમાં અસરકારક રીતે બંધ થઈ જશે. મેટા-માલિકીની કંપની વ્હોટ્સએપે હાઈકોર્ટમાં વધુમાં કહ્યું હતું કે 'યુઝર્સની પ્રાઈવસી એન્ડ-ટુ-એન્ડ એક્રિપ્શન દ્વારા સુરક્ષિત છે. આના દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવે છે કે મેસેજ મોકલનાર અને રીસિવ કરનાર જ અંદરના કંટેટ જાણી શકે છે.' ઉલ્લેખનીય છે કે વોટ્સએપે આ વાત ઈન્ફોર્મેશન ટેક્નોલોજી નિયમ ૨૦૨૧ને પડકારતી વખતે આ વાત કહી છે.એક અહેવાલ અનુસાર, વોટ્સએપ વતી કોર્ટમાં હાજર રહેલા વકીલ તેજસ કારિયાએ ડિવિઝન બેંચને જણાવ્યું હતું કે, 'લોકો પ્રાઈવસી ફીચર્સને કારણે જ વોટ્સએપનો ઉપયોગ કરે છે. કંપની IT નિયમો ૨૦૨૧ને પડકારી રહી છે, જેમાં મેસેજ ટ્રેસ કરવાની અને મોકલનારને ઓળખ કરવાની વાત કરવામાં આવી છે. કંપનીની દલીલ છે કે આ કાયદો એનક્રિપ્શનને નબળો પાડશે અને ભારતીય બંધારણ હેઠળ યુઝર્સની પ્રાઈવેસીના રક્ષણનું ઉલ્લંઘન થશે.'

# બીજા તબક્કામાં પ્રથમ બે કલાકમાં સૌથી વધુ ત્રિપુરામાં ૧૭ ટકા મતદાન

**બે કલાકમાં સૌથી ઓછું મહારાષ્ટ્રમાં ૭.૪૫ ટકા મતદાન**

નવી દિલ્હીઃ બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર આજે યોજાયેલા મતદાનમાં પ્રથમ બે કલાકમાં સૌથી વધુ ત્રિપુરામાં ૧૭ ટકા જેટલું મતદાન નોંધાયું છે જ્યારે સૌથી ઓછું મહારાષ્ટ્રમાં ૭.૪૫ ટકા મતદાન નોંધાયું છે.બીજા તબક્કામાં દેશની ૮૮ બેઠકો પર આજે યોજાયેલા મતદાનમાં પ્રથમ બે કલાકમાં નોંધાયેલા મતદાનના આંકડા આ પ્રમાણે છે.આસામમાં ૯.૭૧ %, બિહારમાં ૯.૮૪ %, છત્તીસગઢમાં ૧૫.૪૨ %, જમ્મુ કશ્મીરમાં ૧૦.૩૯ %, કર્ણાટકમાં ૯.૨૧ %, કેરળમાં ૧૧.૯૦ %, મધ્યપ્રદેશમાં ૧૩.૮૨ %, મહારાષ્ટ્રમાં ૭.૪૫ %, મણીપુરમાં ૧૫.૪૯ %, રાજસ્થાનમાં ૧૧.૭૭ %, ત્રિપુરામાં ૧૬.૬૫ %, ઉત્તર પ્રદેશમાં ૧૧.૬૭ %, પશ્ચિમ બંગાળમાં ૧૫.૬૮ %, મતદાન નોંધાયું છે.

# બીજા તબક્કાની ચૂંટણીમાં ચાર કલાકમાં ૨૫ ટકા મતદાન

**ત્રિપુરામાં સૌથી વધુ ૩૬.૪૨ ટકા મતદાન**

નવી દિલ્હીઃબીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર આજે યોજાયેલા મતદાનમાં પ્રથમ ૪ કલાકમાં ૨૫ ટકા મતદાન નોંધાયું છે. સૌથી વધુ ત્રિપુરામાં ૩૬.૪૨ ટકા જેટલું મતદાન નોંધાયું છે જ્યારે સૌથી ઓછું મહારાષ્ટ્રમાં ૧૮.૮૩ ટકા મતદાન નોંધાયું છે. બીજા તબક્કામાં દેશની ૮૮ બેઠકો પર આજે યોજાયેલા મતદાનમાં પ્રથમ ૪ કલાકમાં નોંધાયેલા મતદાનના આંકડા આ પ્રમાણે છે. આસામમાં ૨૭.૪૩ %, બિહારમાં ૨૧.૬૮ %, છત્તીસગઢમાં ૩૫.૪૭ %, જમ્મુ કશ્મીરમાં ૨૬.૬૧ %, કર્ણાટકમાં ૨૨.૩૪ %, કેરળમાં ૨૫.૬૧ %, મધ્યપ્રદેશમાં ૨૮.૧૫ %, મહારાષ્ટ્રમાં ૧૮.૮૩ %, મણીપુરમાં ૩૩.૨૨%, રાજસ્થાનમાં ૨૬.૮૪%, ત્રિપુરામાં ૩૬.૪૩%, ઉત્તર પ્રદેશમાં ૨૪.૩૧ %, પશ્ચિમ બંગાળમાં ૩૧.૨૫ %, મતદાન નોંધાયું છે.

# કેજરીવાલ માટે તિહાર જેલમાં મેડિકલ બોર્ડની રચના, AIIMSના ૫ ડોક્ટર્સ કરશે હેલ્થ ચેકઅપ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હીઃ દિલ્હીની તિહાર જેલમાં બંધ દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલના સ્વાસ્થ્ય અને તબીબી સારવાર અંગે ઉભા થયેલા વિવાદ બાદ, છૈંસ્જીના ૫ ડોક્ટરોનું મેડિકલ બોર્ડ બનાવવામાં આવ્યું છે. કોર્ટના આદેશ બાદ ૨૩ એપ્રિલે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. અહેવાલો મુજબ ડૉક્ટર નિખિલ ટંડન મેડિકલ બોર્ડનું નેતૃત્વ કરી રહ્યા છે. નિખિલ ટંડનને તિહાર જેલના ડીજીના પત્ર પર અરવિંદ કેજરીવાલના સ્વાસ્થ્ય પર નજર રાખવા માટે એઈમ્સમાંથી પહેલેથી જ નિયુક્ત કરવામાં આવ્યા હતા.

અરવિંદ કેજરીવાલને સોમવાર ૨૨ એપ્રિલથી દરરોજ લંચ પહેલા ૨ યુનિટ લો-ડોઝ ઈન્સ્યુલિન અને રાત્રે જમતા પહેલા ૨ યુનિટ ઈન્સ્યુલિન આપવામાં આવી રહ્યું છે. અરવિંદ કેજરીવાલ હજુ સુધી મેડિકલ બોર્ડને મળ્યા નથી. ટૂંક સમયમાં મેડિકલ બોર્ડની ટીમ તિહાર જેલમાં જઈને કેજરીવાલનું ચેકઅપ કરી શકે છે.

તિહાર જેલના ડૉક્ટરો દરરોજ અરવિંદ કેજરીવાલનું શુગર લેવલ ચેક કરે છે અને તેમની દેખરેખ રાખે છે. કેજરીવાલને કોર્ટના આદેશ મુજબ માત્ર ઘરે બનાવેલું ભોજન આપવામાં આવી રહ્યું છે. હાલમાં અરવિંદ કેજરીવાલની તબિયત સારી છે.

# હવે ફોરેક્સ સાથે ગોલ્ડ રિઝર્વ તરફ વળી રહ્યા દેશો

(એજન્સી દ્વારા)

નવીદીલ્હી : પાડોશી દેશ ચીન મોટાપાયે સોનાની ખરીદી કરી રહ્યું છે. ચીનમાં જ્વેલરી, બાર અને સિક્કાનો વપરાશ રેકોર્ડ સ્તરે પહોંચી ગયો છે. ચીનમાં સોનાના દાગીનાની માંગમાં ૧૦ ટકાનો વધારો થયો છે, જ્યારે ભારતમાં ૬ ટકાનો ઘટાડો થયો છે. ચીનમાં બાર અને સિક્કામાં રોકાણ ૨૮ ટકા વધ્યું છે.

ઓલ ઈન્ડિયા જ્વેલર્સ એન્ડ ગોલ્ડસ્મિથ ફેડરેશનના રાષ્ટ્રીય અધ્યક્ષ પંકજ અરોરાએ જણાવ્યું હતું કે, ભારત અને ચીનના લોકો યુગોથી સોનાના તરફ વર્ચસ્વ ધરાવે છે. અહીં સોનામાં રોકાણની સાથે જ્વેલરી પહેરવાનો ટ્રેન્ડ જૂનો છે. હવે વિશ્વના મોટા દેશો ફોરેક્સ રિઝર્વની સાથે ગોલ્ડ રીઝર્વ તરફ આગળ વધી રહ્યા છે.

ચીનમાં લોકોએ નવા વર્ષ નિમિત્તે ઘણું સોનું ખરીદ્યું છે. જાન્યુઆરી-માર્ચ દરમિયાન લોકોની સોનાની ખરીદી ગયા વર્ષની સરખામણીમાં ૩૪ ટકા વધુ રહી છે. આ યુએસ સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વના કુલ સોનાના ભંડારના એક તૃતીયાંશ જેટલું છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ અનુસાર, ભારત પાસે ૮૦૩.૫૮ ટન સોનાનો ભંડાર છે અને સોનાના ભંડારની યાદીમાં ભારત નવમા ક્રમે છે.જ્યારે ચીન પાસે ૨૨૩૫.૩૯ સોનાનો ભંડાર છે. અમેરિકા પાસે વિશ્વમાં સૌથી વધુ સોનાનો ભંડાર છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈટાલીના પીએમ જ્યોર્જિયા મેલોનીને ફોન કર્યો

નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈટાલીના પીએમ જ્યોર્જિયા મેલોની સાથે ટેલિફોન પર વાત કરી છે. તેમણે ઈટાલીને તેના મુક્તિ દિવસ પર અભિનંદન પાઠવ્યા. પીએમ મોદીએ ઈટાલીમાં જી-૭ સમિટમાં ભારતને આમંત્રણ આપવા બદલ આભાર પણ માન્યો હતો. બંને નેતાઓએ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબુત બનાવવા અંગે તેમના વિચારોનો પુનરોચ્ચાર કર્યો. તેઓએ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જ્યોર્જિયા મેલોની દ્વારા આ વર્ષે જૂનમાં ઈટાલીમાં યોજાનાર જી-૭સમિટ આઉટરીચ સત્રમાં હાજરી આપવા આમંત્રણ આપવામાં આવ્યું છે.પીએમ મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે તેમણે વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની સાથે વાત કરી અને ઈટાલીને તેના મુક્તિ દિવસ પર શુભેચ્છા પાઠવી. જૂનમાં જી-૭ સમિટમાં તેમને આમંત્રણ આપવા બદલ તેમનો આભાર માન્યો. જી-૭એ ભારતમાં યોજાયેલા જી-૨૦ ના પરિણામોને આગળ વધારવાની ચર્ચા કરી. અમારી વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો. જી-૭ સમિટ આઉટરીચ સત્ર ૧૩ જૂનથી ૧૫ જૂન દરમિયાન યોજાશે. મોદી અને જ્યોર્જિયા મેલોનીએ ઈટાલીની અધ્યક્ષતામાં યોજાયેલી જી-૭ સમિટમાં, ખાસ કરીને ગ્લોબલ સાઉથને પ્રોત્સાહન આપવા માટે, ભારતના જી-૨૦ પ્રમુખપદના મુખ્ય પરિણામોને આગળ લઈ જવાની રીતો પર ચર્ચા કરી છે.

# ભાઈજાનના ઘર પર ફાયરિંગ કેસમાં મુંબઈ પોલીસને મળી મોટી સફળતા, વધુ બે લોકોની ધરપકડ

(એજન્સી દ્વારા)

મુંબઈ : મુંબઈ પોલીસ સલમાન ખાનના ઘરે ફાયરિંગ કેસની સતત તપાસ કરી રહી છે. બંને શૂટરોની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી ચુકી છે અને ૨૯ એપ્રિલ સુધી પોલીસે બંનેની કસ્ટડી મેળવી લીધી છે. હવે આ કેસમાં વધુ બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચે પંજાબમાંથી ગન સપ્લાયના બે આરોપીઓની ધરપકડ કરી છે. બંનેને ૨૬ એપ્રિલે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.પ્રથમ આરોપીનું નામ સોનુ સુભાષ ચંદર છે, જેની ઉંમર ૩૭ વર્ષ છે. તેની પાસે ખેતી છે અને કરિયાણાની દુકાન પણ છે. બીજાનું નામ અનુજ થાપન છે, જેની ઉંમર ૩૨ વર્ષ છે. તે ટ્રક હેલ્પર તરીકે કામ કરતો હતો અને લોરેન્સ બિશ્નોઈ ગેંગના સંપર્કમાં હતો. તેની સામે ખંડણી અને આર્મ્સ એક્ટના કેસ પણ નોંધાયેલા છે.

મળતી માહિતી મુજબ ધરપકડ કરાયેલા બંને આરોપી ૧૫ માર્ચે પનવેલ વિસ્તારમાં ગયા હતા અને બે બંદૂકો આપીને પંજાબ પરત ફર્યા હતા. બંનેને રાત્રે ૨૫ એપ્રિલ ફ્લાઈટ મારફતે મુંબઈ લાવવામાં આવશે.

૧૪ એપ્રિલે સલમાનના ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટમાં ફાયરિંગ થયું હતું. બે લોકો બાઈક પર આવ્યા હતા અને ગોળીબાર કર્યો હતો. આ બધું થયું ત્યારે સલમાન ઘરે હતો.

## પહેલા પાનાથી...

**મહાસંગ્રામ : બીજા**

ઉપર પહોંચી રહ્યા હતા અને લાંબી કતારો લગાવીને શાંતિપૂર્ણ રીતે મતદાન કરી રહ્યા છે.

**ઈવીએમ-વીવીપેટ**

તો તેનું વળતર પણ ચૂકવવું પડશે. આ દરમિયાન જસ્ટિસ દીપાંકર દત્તાએ કહ્યું હતું કે સિસ્ટમ પર આંધળો અવિશ્વાસ કરવાથી માત્ર શંકા જ પેદા થાય છે. લોકશાહીનો અર્થ છે વિશ્વાસ અને સંવાદિતા જાળવવી.

**કન્વીક્શન રેટ**

સુધારવા આડકતરો ઈશારો કર્યો હતો.પોલીસ ઈન્સ્પેક્ટર્સને રાયટર કે તાબાના સ્ટાફ પર નિર્ભર રહેવાને બદલે જાતે ગંભીર ગુનાઓની તપાસમાં જોતરાવવા, તપાસ અધિકારીના માર્ગદર્શક બનવા અનુરોધ કર્યો હતો.

પોલીસ કમિશ્નરના ધ્યાને આવ્યું હતું કે કેટલાક કિસ્સાઓમાં પોલીસ ઉપજાવી કાઢેલ કિસ્સાઓમાં ગુનાઓ દાખલ કરવામાં ખૂબ ઉત્સાહી હોય છે, ગુનો ના બનતો હોય તેવા કિસ્સાઓમાં પણ ભલામણોના આધારે ગુના દાખલ કરી દેવામા આવે છે, જ્યારે ઘણા કિસ્સાઓમાં ફરિયાદ દાખલ કરવામાં આવતી નથી, જ્ઞાનેન્દ્ર સિંહ મલિકે પોલીસ મથકોના પી. આઈ. ઓને સખત શબ્દોમાં તાકીદ કરી હતી કે "ખોટી ફરિયાદ નોંધશો નહિ અને સાચી ફરિયાદ દાખલ કરવામાં ખચકાશો નહિ", કોઈની ખોટી ભલામણ કે કોઈના પ્રભાવમાં આવી ખોટી ફરિયાદ દાખલ કરતા અધિકારીઓને "રૂકજાવ અને સુધરી જાઓ"નો આદેશ આપ્યો હતો.

પોલીસ કમિશ્નર જ્ઞાનેન્દ્ર સિંહ મલિકે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે અમે ગુનો બનતો હોય અને દાખલ થતો ના હોય તેના પર પણ નજર રાખી રહ્યા છે. અમદાવાદ શહેરમાં માર્ચ સુધી છેલ્લા ત્રણ માસ દરમ્યાન બનેલ ગુનાઓ અને ગત વર્ષે આજ સમયગાળામાં બનેલ ગુનાખોરીના આંકડાઓની તુલના કરતા સીપી જ્ઞાનેન્દ્ર મલિકે ૨૨.૦૩ ટકા ગુનાખોરી ઘટી હોવાનો દાવો કર્યો હતો,ગત વર્ષે જાન્યુઆરી ફેબ્રુઆરી, માર્ચ માં ૩,૨૫૬ ગુના દાખલ થયા હતા, જ્યારે આ વર્ષે ત્રણ માસ દરમ્યાન ૨,૫૨૫ ગુનાઓ દાખલ થયા છે.

૩૧ જુલાઈ ૨૦૨૩ના રોજ અમદાવાદ ના પોલીસ કમિશ્નર તરીકેનો પદભાર સંભાળનાર જ્ઞાનેન્દ્ર સિંહ મલિકે ૯ માસના કાર્યકાળ દરમ્યાન ૫૯૭ ગુનેગારોને પાસા અને ૧૧૦ ને તડીપાર કરી સમાજ ને ભયમુક્ત કરવાની કોશિશ કરી છે. મલિકે પત્રકારોને જણાવ્યું હતું કે લોકસભા ચૂંટણી અંગે વ્યવસ્થિત તૈયારીઓ કરી રહ્યા છે. વિવિધ બુથની મુલાકાત લીધી છે. ક્રિટિકલ, વનરેબલ બુથની મુલાકાત લેવા પોલીસ અધિકારીઓને કહ્યું છે. દારૂ પીને ગાડી ચલાવતા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરનારને ઈનામ આપવાની શરૂઆત કરવામાં આવતા આ પ્રકારના ડ્રિંક એન્ડ ડ્રાઈવના કેસો વધ્યા છે અને અકસ્માતોનું પ્રમાણ ઘટ્યું છે. અકસ્માત સહિતની ઘટનાઓની જાણ થતાં ઘટના સ્થળે પહોંચતી પોલીસ પાર્ટી સમયસર પહોંચે તે માટે હવે લોકેશન મંગાવવામાં આવે છે, જેથી પ્રજાને સમયસર મદદ મળી રહે, આ અંગે મોનીટરીંગ અને સુપરવિઝન પણ કરવામાં આવે છે.

પોલીસ કમિશ્નર જ્ઞાનેન્દ્ર સિંહ મલિકે કાયદો વ્યવસ્થાના મુદ્દે પોલીસ અધિકારીઓના કલાસ લીધા બાદ પરિવારના મોભીની માફક લાગણી સાથે કેટલાક સૂચનો કર્યા હતા, સ્પોર્ટ્સ એક્ટિવિટી વધારી તન મનથી સ્વસ્થ રહેવા અને સામન્ય જ્ઞાન સહિત કાયદાનું જ્ઞાન સતત મેળવતા રહી વર્તમાન આધુનિક યુગમાં "જ્ઞાન અને વિજ્ઞાન થી જ્ઞાત" રહેવા શીખ આપી હતી.

**ગુજરાતમાં કમોસમી**

કેરીના પાકમાં મોટું નુકસાન થવાની ભીતી છે. તેમજ તાપી જિલ્લામાં ભરઉનાળે કમોસમી વરસાદ આવ્યો છે. તેમાં કુકરમુંડા, નિઝર, ઉચ્છલ, સોનગઢ, વ્યારા, વાલોડ, ડોલવણમાં કમોસમી વરસાદે ખેડૂતોની ચિંતા વધારી છે. તેમજ શાકભાજીના પાકને નુકસાનની ભીતિ છે. ભાવનગરના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ આવ્યો છે. જેમાં ચિત્રા યાર્ડ, આખલોલ જકાતનાકા વિસ્તાર તથા મસ્તરામ મંદિર, નારી ચોકડી સહિતના વિસ્તારમાં વરસાદ પડ્યો છે.

**ફરવાના શોખીન ગુજરાતીઓ**

સરકાર વચ્ચે કરાર કરવામાં આવ્યા છે. આ અંતર્ગત કોલકાતાથી મધ્યપ્રદેશના કુક્ષી માટે બે ફ્લોટિંગ જેટી (પોન્ટૂન) મોકલ્યા છે. આ પોન્ટૂનનો ક્રુઝના ટર્મિનલ રૂપે ઉપયોગ થશે. મધ્યપ્રદેશ અને ગુજરાતને બે ફ્લોટિંગ જેટી અપાશે, જેમાંથી મધ્ય પ્રદેશને આ જેટી પહોંચાડવામાં આવી છે.

ક્રુઝ ટુરિઝમ માટે જરૂરી તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં આવશે. ક્રુઝમાં ૧૦૦ લોકો બેસી શકશે. જોકે, હજી માત્ર જાહેરાત જ કરવામાં આવી છે. ક્રુઝને પહોંચતા લાગતો સમય, ટિકિટના દર અને સ્ટોપેજ વગેરેની તમામ માહિતી હજી નક્કી કરવાની બાકી છે. આ માટે ટેન્ડર પ્રક્રિયા બાદ નક્કી થશે.

# ડબ્બાનો ડખ્ખો : ટ્રક માલિકોએ બે પ્રમુખ બનાવ્યા





**કચ્છ જીલ્લા ટ્રક ઓનર્સ એસોસીએશનની સામાન્ય સભામાં ભારે ધાંધલ-ધમાલ બાદ બે ભાગમાં ફાડિયા : નવા હોદ્દેદારોની વરણી માટે મળેલી સામાન્ય સભામાં અસામાન્ય બબાલના દ્રશ્યો સર્જાયા : બે જુથોએ પોત પોતાના પ્રમુખ કરી દીધા જાહેર**

**લડાઈમાં લાડવા નથી મળતા,..આખરે બન્ને પક્ષને નુકસાન જ થાય છે, અને નાના ટ્રક માલિકાની સંસ્થા પર પણ જોખમ જ ઉભુ થાય છે, તો સંસ્થાને મજબુત કરવા માટે ટેબલ પર બેસીને મધ્યસ્થીનો માર્ગ કાઢવામાં આવે અને સંસ્થાને વધુને વધુ મજબુત બનાવવામાં આવે તે જ સમયનો તકાજો**

**અબડાસાના ધારાસભ્યએ પૂર્વ રાજ્યમંત્રીના પુત્રના હાથમાંથી માઈક ખેંચી લીધાનો વિડીઓ થયો વાયરલ : જનરલ મીટીંગમાં ધાંધલ થવાની શક્યતાના પગલે સ્થળ પર મોજુદ પશ્ચિમ કચ્છ પોલીસે મામલો બીચકતા અટકાવ્યો**

ભુજ : કચ્છ જીલ્લા ટ્રક ઓનર્સ એસોસીએશનની ગઈકાલે કુકમા સમીપે મળેલી બેઠકમાં ભારે ધાંધલ ધમાલ બાદ સંસ્થા બે ભાગમાં વહેંચાઇ ગઈ હતી.

ભારે હોબાળા બાદ ટ્રક માલિકોની સંસ્થાના બે અલગ અલગ પ્રમુખ વરાયા હતા. આજે સવારે ભુજમાં આવેલ ટ્રક ઓનર્સ એસોસીએશનના કાર્યાલયે બન્ને જુથના વરાયેલા પ્રમુખો ચાર્જ સંભાળવા આવી રહ્યા હોવાની અટકળો વચ્ચે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. આજ સવારથી એસો.ની ઓફીસમાં પોલીસ બંદોબસ્તથી આજુ-બાજુના વેપારીઓમાં ચિંતા પસરી હતી. આ સામાન્ય સભામાં પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહીરના પુત્ર એવા વર્તમાન પ્રમુખ ડો. નવઘણ આહીરને પ્રમુખ તરીકે યથાવત રાખવાનું તેમના સમર્થકો દ્વારા નક્કી કરાયું હતું, જ્યારે અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના જુથના સભ્યો દ્વારા અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના ભત્રીજા બ્રિજરાજસિંહ પ્રહલાદસિંહ જાડેજાને પ્રમુખ તરીકે જાહેર કરી તેમનું સન્માન કરવા સહિતની પ્રતિક્રિયા આપી હતી. તો આજે સવારે અબડાસા ધારાસભ્ય ગૃપ તરફથી મીરજાપર રોડ ઉપર બેઠક યોજાઈ હતી જેમાં

આ અંગે મળતી વિગતો મુજબ ભુજ તાલુકામાં કુકમા નજીક સંસ્થાએ ખરીદેલી જમીનનાં સ્થળે ગુરુવારે બપોરે અગાઉથી જાહેર કર્યા મુજબ આ સામાન્ય સભા યોજાઈ હતી, જેમાં સંગઠનના વર્તમાન જિલ્લા પ્રમુખ ડો. નવઘણ આહીર અને અબડાસા વિભાગના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના જુથ વચ્ચે ઘર્ષણ તથા હાથાપાઈ સહિતના દ્રશ્યો જોવાં મળ્યાં હતાં.

બન્ને પક્ષે હોદ્દેદારોને બદલવા કે યથાવત રાખવા તેવા મુખ્ય એજન્ડા સાથે મળેલી કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસીએશનની સામાન્ય સભા આ મામલે તોફાની બની જતા પોલીસે મોરચો સંભાળ્યો હતો. તોફાની ઘટનાક્રમ બાદ લગભગ દશ હજારથી વધુ સભ્ય ધરાવતા કચ્છના ટ્રક ટ્રાન્સપોર્ટ ઓનર્સ એસોસીએશન બે ભાગમાં વહેચાઈ ગયું હતું. વર્તમાન શાશક પક્ષ દ્વારા હાલના પ્રમુખ ડો. નવઘણ આહીરને પ્રમુખ જાહેર કર્યા હતા, તો અબડાસા ધારાસભ્યના જુથે બ્રિજરાજસિંહ પ્રહલાદસિંહ જાડેજાની અધ્યક્ષ પદે નિયુક્તિ કરી હતી. આ પછી સભા મુલતવી રખાઈ હતી. સભાના પ્રારંભે પ્રવચન કરી રહેલા ડો. નવઘણના હાથમાંથી સ્ટેજ ઉપર જઈને ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ દ્વારા માઈક લઈ લેવાતા સમગ્ર મામલો બિચક્યો હતો. આ બન્ને વચ્ચે ઘર્ષણ થયા પછી ભારે હોબાળા અને ગોકીરા વચ્ચે અનેક સભ્યો સ્ટેજ ઉપર ચડી ગયા હતા. પોલીસે મધ્યસ્થી કરી મામલો બીચકતા અટકાવ્યો હતો.

આ પ્રશ્ને વિવિધસ્તરે રજુઆત સહિત પ્રશ્નોની ચર્ચા કરાઈ હતી. તો બીજી ડૉ. નવઘણ આહિર ગૃપ તરફથી વરણીની બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યું હોવાના સમાચાર મળી રહ્યા છે.

### કચ્છ એ કચ્છ, બે ભાગ ન પડી શકે : નવઘણ આહીર

કચ્છ જીલ્લા ટ્રક ઓનર્સ એસોના પ્રમુખ તરીકે વરાયેલા ડૉ. નવઘણ આહિરે જણાવ્યું હતું કે, કચ્છ જીલ્લો અખંડ છે. કચ્છના બે ભાગ સ્વીકાર્ય ન હોઈ શકે. ૧૯૭૯ થી આ પરંપરા ચાલી આવી રહી છે. તેમણે જણાવ્યું હતું કે, કચ્છની ૩૫૦ મંડળીઓ પૈકી ૨૫૦ મંડળીઓનું તેમને સમર્થન મળ્યું છે. પશ્ચિમ કચ્છના ત્રણ તાલુકામાં ૧૨૦૦ ગાડીઓ છે. જ્યારે અન્ય છ તાલુકામાં ૩૨૦૦થી વધુ ગાડીઓ છે. ડૉ. નવઘણ આહિરે સભામાં થયેલી બબાલ બાબતે જણાવ્યું હતું કે, ચાલુ સભાએ સ્ટેજ પર આવી પ્રમુખ પાસેથી માઈક ઝુંટવી લેવાનો પ્રયાસ કરવા જેવી ઘટનાઓ લોકશાહી ઢબે ચાલતી સંસ્થા માટે શરમજનક ગણી શકાય. તેમણે આવનાર દિવસોમાં તેમણે સંસ્થાના કુકમા પાસેના પ્લોટ પર ડ્રાઈવરો માટે રેસ્ટરૂમ સહિતની સુવિધાઓના વિકાસ અને સુચારુ ઢબે ડબ્બા પદ્ધતિ ચાલુ રાખવાની નેમ વ્યક્ત કરી હતી.

### સાત વર્ષ સુધી ટ્રકમાલિકોએ અન્યાય સહન કર્યો : પ્રદ્યુમનસિંહ જાડેજા

અબડાસાના ધારાસભ્ય અને ટ્રાન્સપોર્ટ અગ્રણી પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ટ્રકમાલિકોની મહત્વની સંસ્થાની છેલ્લા સાત વર્ષમાં એકપણ બેઠક મળી ન હતી. હોદ્દેદારોએ હિસાબ પણ રજૂ કાર્ય નથી. સંસ્થાના પ્રમુખ તરીકે ભૂતકાળમાં તેમણે પોતે જ ડૉ. નવઘણ આહિરનું નામ સૂચવ્યું હતું પણ તેમણે સાત વર્ષ ટ્રક માલિકોની વાત સાંભળવાની દરકાર કરી નથી તેથી ટ્રક માલિકોના એક જુથે હવે પોતાના અલગ પ્રમુખ બનાવ્યા છે. બ્રિજરાજસિંહ જાડેજા પ્રમુખ રહેશે અને અમે અમારો ડબ્બો અલગ ચલાવશું તેવું તેમણે વધુમાં ઉમેર્યું હતું.

### સંસ્થા ટ્રકમાલિકોના હિત માટે કામ કરતી રહેશે : રાજેશ મમુભાઈ આહીર

કચ્છ જીલ્લા ટ્રક ઓનર્સ એસોસીએશનએ છેલ્લા સાત વર્ષ સુચારૂ રીતે ટ્રક માલિકોના હિતમાં કામ કર્યું હતું. નાના ધંધાર્થીઓના હિત ધાયને રાખી ડબ્બા પદ્ધતિ ચલાવવામાં આવી હતી તેવું રાજેશ મમુભાઈ આહિરે જણાવ્યું હતું. આવનારા વર્ષોમાં પણ આ સંસ્થા સમગ્ર કચ્છના ટ્રક માલિકોના હિત માટે કામ કરતી રહેશે તેવો આશાવાદ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

# કચ્છના બે યુવા ક્રિકેટરો ટી-૨૦ વર્લ્ડકપ માટે તૈયાર


દિનેશ નાકરાણી


અલ્પેશ રામજાણી

**પ્રથમ વખત વર્લ્ડકપ રમી રહેલી આફ્રિકન દેશ યુગાન્ડાની ટીમમાં બે કચ્છી ઉપરાંત એક સૌરાષ્ટ્રના ખેલાડીનો સમાવેશ : કચ્છના અલ્પેશ રામજિયાણીના નામે છે ટી-૨૦નો એક વિશ્વવિક્રમ : દિનેશ નાકરાણી પણ હરીફોને ભારે પડી શકે**

ભુજ : આગામી જૂનમાં અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં ટી-૨૦નો મેન્સ વર્લ્ડ કપ રમાવાનો છે અને એમાં સૌથી મોટું આશ્ચર્ય એ જોવા મળશે કે એમાં આફ્રિકન દેશ યુગાન્ડાની ટીમ પહેલી વાર રમશે.

એટલું જ નહીં, યુગાન્ડાની ટીમમાં કચ્છના અલ્પેશ રામજિયાણી અને દિનેશ નાકરાણી અને એક સૌરાષ્ટ્રના ખેલાડી મળી ત્રણ ટૅલન્ટેડ ગુજરાતી ક્રિકેટર ટી-૨૦ ફૉર્મેટના આ 'ઉત્સવ'માં ધમાલ મચાવતા જોવા મળશે.

આ અંગેની વિગતો મુજબ આઈસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ આફ્રિકા રિજનના ક્વૉલિફાઈંગ રાઉન્ડમાં નામિબિયા પછી બીજા નંબરે આવવા બદલ બન્ને દેશને વર્લ્ડ કપમાં રમવા મળ્યું છે. વર્લ્ડ કપમાં યુગાન્ડાનો ગ્રુપ 'સી'માં સમાવેશ કરાયો છે. ત્યારે ટી-૨૦ ફૉર્મેટમાં કુલ ૮૩ મૅચ રમી ચૂકેલો કચ્છના અલ્પેશ રામજિયાણી લેફ્ટ-હૅન્ડ બૅટર અને લેફ્ટ-આર્મ સ્પિનર છે. તેણે ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાં ૫૬૯ રન બનાવવા ઉપરાંત ૭૦ વિકેટ લીધી છે અને ટી-૨૦ ફૉર્મેટની અન્ય મૅચોમાં ૬૫૧ રન બનાવવા ઉપરાંત ૭૧ બૅટરને આઉટ કર્યા છે. ૨૯ વર્ષના રામજિયાણીના નામે ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાં એક વર્લ્ડ રેકૉર્ડ છે.

૨૦૨૩ના વર્ષમાં તેણે ૩૦ મૅચમાં કુલ પંચાવન વિકેટ લીધી હતી. નવાઈની વાત એ છે કે એ વર્ષમાં તેની આ પંચાવન વિકેટ ક્રિકેટ જગતના તમામ ટી-૨૦ બોલર્સમાં હાઈએસ્ટ હતી. એ તો ઠીક, પણ ક્યારેય કોઈ એક કૅલેન્ડર યરમાં કોઈ બોલરે આટલી બધી વિકેટ નથી લીધી. જાણીતા બોલર્સની વાત કરીએ તો ૨૦૨૨માં આયરલૅન્ડનો જોશુઆ લિટલ ૩૯ વિકેટ સાથે મોખરે હતો. એ જ વર્ષમાં ભુવનેશ્વર કુમારે ૩૭ વિકેટ અને શ્રીલંકાના વનિન્દુ હસરંગાએ હાઈએસ્ટ ૩૬ વિકેટ લીધી હતી.

રામજિયાણી ૨૦૨૧માં યુગાન્ડામાં સ્થાયી થયો એ પહેલાં મુંબઈમાં અન્ડર-૧૬ તથા અન્ડર-૧૯ ટીમ વતી તેમ જ ક્રિકેટ ક્લબ ઑફ ઇન્ડિયા (સીસીઆઇ) વતી ડોમેસ્ટિક ક્રિકેટમાં રમ્યો હતો. યુગાન્ડાને વર્લ્ડ કપ સુધી પહોંચાડવામાં રામજિયાણી અને દિનેશ નાકરાણી તેમ જ રોનક પટેલના મહત્ત્વના યોગદાનો છે.

૩૨ વર્ષનો દિનેશ નાકરાણી લેફ્ટ-હૅન્ડ બૅટર અને લેફ્ટ-આર્મ મિડિયમ પેસ બોલર છે. તેણે ૫૬ ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં ૮૮૧ રન બનાવ્યા છે અને ૬૭ વિકેટ લેવા ઉપરાંત ટી-૨૦ ફૉર્મેટની અન્ય ૬૭ મૅચમાં ૧,૧૩૭ રન બનાવવા ઉપરાંત ૭૪ વિકેટ પણ લીધી છે. ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાં અસાધારણ બોલિંગ-ઍનેલિસિસ ધરાવનાર વિશ્વભરના બોલર્સમાં નાકરાણી (૪-૧-૭-૬) બીજા નંબરે છે. આ રેકૉર્ડ-બુકમાં ભારતના દીપક ચાહર (૩.૨-૦-૭-૬)નાકરાણીથી આગળ છે.

# વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં વાણિજ્ય ક્ષેત્ર વિકસીત થયું : વિનોદ ચાવડા




**કચ્છ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ ભુજ એપીએમસી ખાતે વેપારી સંગઠનના હોદ્દેદારો - સભ્યો સાથે યોજી બેઠક : ૭મી મેના અચૂક મતદાન કરવા કર્યો અનુરોધ**

ભુજ : લોકસભા ચૂંટણીમાં મતદાનના આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે કચ્છ જિલ્લામાં ચૂંટણી પ્રચાર વેગવાન બન્યો છે. કચ્છ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ આજે ભુજ એપીએમસી ખાતે વેપારી સંગઠનના આગેવાનો અને સભ્યો સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં તેમણે કચ્છ જિલ્લાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વ્યાપર ક્ષેત્રે પુરૂં પાડવામાં આવેલ જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે દેશ - વિદેશમાં જરૂરી માલ સામાન એકસપોર્ટ કરવા દરિયાઈ, વિમાની અને માર્ગ પરિવહન ક્ષેત્રે વિકાસ કાર્યોની રૂપરેખા આપી હતી. તેમણે સર્વે હોદ્દેદારો અને સભ્યોને આગામી ૭મી મેના અચુકથી મતદાન કરવા અને જન સમર્થન માટે અપીલ કરી હતી.

ભુજ એપીએમસી કાર્યાલય ખાતે પ્રમુખ હઠુભા બી. જાડેજા, અમૃતભાઈ ઠક્કર વગેરે હોદ્દેદારોએ શ્રી ચાવડાનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. શાકભાજીના વેપારી પ્રવિણભાઈ ઠક્કર, ચિંતન ઠક્કર, અરવિંદ ગોર, જથ્થાબંધ બજાર સમિતિના મેહુલભાઈ ઠક્કર, ઉદયભાઈ ઠક્કર, હસમુખ ઠક્કર, નવીનભાઈ ગણાત્રા, મુકેશ પટેલ, દરિયાભાઈ, રાજેશભાઈ, શંભુભાઈ ઝરૂ, સનાવાલા સમા, નીરવ શાહ, માવજી ડાંગર, વૈભવ ગઢવી, અશોક પટેલ, જીતુભાઈ શાહ, ભીમજીભાઈ જોધાણી, મહેશ ઠક્કર, જીતુભાઈ ઠક્કર, ભુરાભાઈ, શકુર સુમરા, અબ્બાસ ભીંયા, રાયબ સમા, જીતેન્દ્ર શાહ, ભચુ સુમાર, અભેરા જાડેજા, શંકર મામા, હરેશ અનમ, દિપક અનમ, કૌશિક શશિકાંત, નીખીલ જખુભાઈ, શીવુભા જાડેજા, કિશોર લાલજી, રાજન કાકુભાઈ, દિપક મહેન્દ્રભાઈ, પંકજ નરેન્દ્રભાઈ, રણછોડભાઈ, વિપુલ રાજદે, વનેચંદભાઈ, દિપકભાઈ ઘીવાળા, મોહનલાલ ગોર, નવીનભાઈ ગોર, ઈબ્રાહીમ સમા, વિજયરાજજી જામ, સુરેશ શા, પ્રવીણ મહેતા વગેરે હાજર રહ્યા હતા.

# હાઈવે પર બેફામ દોડતા ભારે વાહનોની હડફેટે અકસ્માતના બનાવ વધ્યા

**ખાવડા, કનકપર, રાપર, વરસામેડી રોડ, સફેદ રણ, વંગ, નાના વાલ્કા, લોરિયા, મોટા યક્ષ સહિતના સ્થળોએ બની ઘટના**

ભુજ : જિલ્લામાં હાઈવે પર દોડતા બેફામ વાહનોની હડફેટે આવી જવાના કારણે અકસ્માતના બનાવો વધી રહ્યા છે ત્યારે ખાવડા, કનકપર, રાપર, વરસામેડી રોડ, સફેદ રણ, વંગ, નાના વાલ્કા, લોરિયા, મોટા યક્ષ સહિતના સ્થળોએ અકસ્માતની ઘટના સામે આવી છે.

ભુજ તાલુકાના ખાવડામાં સોલારીસ કંપનીના ગેસ્ટ હાઉસની સામે અકસ્માતનો બનાવ બન્યો હતો. ખાવડાના સમાવાસમાં રહેતા જુસબ કાસમ સમા પગપાળા જતો હતો ત્યારે બાઈક નં.જીજે૨૧-બીઈ-૬૬૮૬ ના ચાલકે પુર ઝડપે બાઈક ચાલકે ફરિયાદીને પાછળથી ભટકાવી અકસ્માત સર્જી ફ્રેક્ચર સહિતની ઈજાઓ પહોંચાડતા ખાવડા પોલીસમાં ફરિયાદ થઈ છે.

જ્યારે અબડાસાના કનકપર ગામના બસ સ્ટેશનથી મોથાળા જવાના રોડ પર અકસ્માતનો બીજો બનાવ બન્યો હતો. જેમાં ટ્રક નં.જીજે૧૨-બીટી-૬૩૧૮ ના ચાલકે ફરિયાદી જગદીશ મંગલભાઈ મહેશ્વરીની અલ્ટો ગાડી નં.જીજે૧૨-એઈ-૭૩૫૭ મા સામેથી ભટકાવતા ફ્રેક્ચર સહિતની ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જીને ટ્રક મુકી ચાલક ભાગી ગયો હતો. ફરિયાદી મતિયાદેવના મંદિરે મેળો હોઈ સેવામાં જતા હતા ત્યારે અકસ્માત નડ્યો હતો.

આ તરફ રાપરમાં રબારી સમાજવાડી પાસે છોટા હાથી નં.જીજે૧૬-એવી-૦૮૯૧ ના ચાલકે ફરિયાદી મહેશભાઈ ખીમાભાઈ મેરની બાઈક સાથે ટક્કર મારતા મહેશભાઈને શરીરે છોલછામ જેવી ઈજાઓ થવા પામી હતી. જ્યારે અંજારમાં વરસામેડી રોડ પર અકસ્માતમાં છોટાહાથી જ નિમિત બન્યું હતું. ફરિયાદી અંજારના ભરતભાઈ રવજીભાઈ કોલીના પિતા છકડો લઈને જતા હતા ત્યારે છોટા હાથી નં.જીજે૧૩-એડબ્લ્યુ-૭૫૨૩ ના ચાલકે છકડામાં ટક્કર મારતા રવજીભાઈને પાંસડીમાં ફ્રેક્ચર સહિતની ઈજાઓ થવા પામી હતી જેથી અંજાર પોલીસમાં ગુનો દાખલ થયો છે.

દરમિયાન અકસ્માતના બનાવમાં ઘાયલને જી.કે.માં લાવવામાં આવતા એમએલસી દાખલ થઈ હતી.સફેદ રણમાં હાજીપીરથી ભુજ તરફ આવતી રિક્ષાને ટ્રક ચાલકે હડફેટે લેતા છ લોકો ઘવાયા હતા. ભુજના સંજોગનગરમાં રહેતા જુમા ઈબ્રાહીમ કુંભાર અને સૂરેન્દ્રનગર પાટડીના મુસાફરો સમીર યુનુસ બલોચ, સાઈન મોહમ્મદ પઠાણ, મોહિન આલમ બલોચ, હુશેન આલમ બલોચ અને ઓસમાણ રહીમ શેખ હાજીપીરથી ભુજ આવતા હતા ત્યારે સફેદ રણ ધોરડોમાં કોઈ અજાણ્યા ટ્રક ચાલકે ટક્કર મારતા તમામને ઈજાઓ થતા સારવાર માટે જી.કે.માં લવાયા હતા. જ્યારે વંગ ગામે બાઈક લઈને હાજીપીર જતા યુવાનોને અકસ્માત નડ્યો હતો. નખત્રાણાના તલના અકીલ અબ્દુલ જત અને રહીમખાન રમજાન જત હાજીપીર જતા ત્યારે અજાણ્યા બાઈક ચાલકે ટક્કર મારતા ઈજાઓ થઈ હતી. જ્યારે નાના વાલ્કા પાસે રસ્તામાં શ્વાન આડું ઉતરતા થાવર ખજુરીયા સીજુને ઈજાઓ થઈ હતી. તો અંજારના શિવ નારાયણ રામ ખાવડાથી ટ્રક લઈને કંડલા જતા હતા ત્યારે લોરિયા પાસે ભેંસ આડી આવતા ટ્રક પલટી મારી જતા ચાલકને ઈજા થઈ હતી. તો મોટા યક્ષ ગામે ભારાસરના મામદ ઈસ્માઈલ કોલી અને હુરબાઈ મામદ કોલી બાઈક લઈને જતાવીરા ગામ જતા હતા ત્યારે રસ્તામાં અજાણી ટ્રકના ચાલકે ટક્કર મારતા બન્નેને ઈજા થઈ હતી.

**હાઈવે ઓથોરિટી, આરટીઓ, પોલીસ સહિતના જવાબદારો સામે કેમ પગલાં નહીં ?**

કચ્છમાં માર્ગ અકસ્માતની ઘટનાઓ રોજિંદી બની છે. વાગડથી માંડી લખપત સુધી દરરોજ સરેરાસ ૧૦થી વધુ નાના-મોટા માર્ગ અકસ્માતની ઘટનાઓ સામે આવી છે. જોકે, આ ઘટનાઓ અટકાવવા માટે તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવતા નથી. હાઈવે ઓથોરિટી દ્વારા ટોલ વસૂલવામાં આવે છે, પરંતુ યોગ્ય સુવિધા અપાતી નથી. રસ્તામાં ઠેક-ઠેકાણે ખાડાઓ હોય છે. તેમજ મોટા ભાગના અકસ્માતમાં ભારે વાહનો નીમીત બનતા હોય છે. જોકે, ભારે વાહનના ડ્રાઈવરોના લાયસન્સની ચકાસણી, આરટીઓના નિયમનું પાલન, રેડિયમ, સ્પીડ સહિતના નિયમોની અમલવારી થતી જેથી પૂર ઝડપે વાહન દોડતા નિર્દોષ લોકોનો ભોગ લેવાઈ રહ્યો છે. નમક પરિવહનની ટ્રકોમાંથી નિતરતું પાણી મોપેડને સ્લીપ થવા મજબૂર કરે છે. રાતના સમયે ફોરવ્હીલરોમાં લગાવેલી એક્સ્ટ્રા હેલોજન નાના વાહન ચાલકોની આંખો આંજી નાખે છે. ગત રોજ મુન્દ્રાના હટડી પાટીયા પાસે અકસ્માતમાં ઝારખંડના બે યુવાનોના મોત થયા હતા. આ બન્ને જણા બાઈક પર જતા હતા ત્યારે સામેથી આવતા ટ્રકમાં આગળ લગાવેલા પતરા જેવા તિક્ષ્ણ ભાગમાં બન્ને જણા ચીરાઈ જતા કરૂણ મોત થયા હતા. આ રસ્તા પર સફેદ પટ્ટા લગાવાયા નથી. તેમજ યોગ્ય નિયમોનું પાલન થતું નથી ત્યારે તંત્ર દ્વારા આ પગલાં ભરવામાં આવે તે જરૂરી છે.

### શાળા સમયમાં ફેરફારને શૈક્ષિક મહાસંઘે આપ્યો આવકાર

ભુજ : કાળઝાળ ગરમીના દિવસોમાં હિટવેટના પગલે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શાળાના સમયમાં ફેરફાર કરાયો છે. પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાતે હિટ વેવને ધ્યાને લઈ રાજ્યની શાળાઓનો સમય સવારે ૭ થી ૧૧ કલાકનો કરવા રજૂઆત કરી હતી.જેને પગલે નિયામકશ્રીએ પરિપત્ર કરેલ હોઈ રાજ્ય સંઘની રજૂઆતને સફળતા મળી છે. જેને કચ્છ જિલ્લાના પ્રાથમિક શિક્ષકો વતિ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ કચ્છ જિલ્લા અધ્યક્ષ રામસંગજી જાડેજા, મહામંત્રી રમેશભાઈ ગાગલ, સંગઠનમંત્રી જખરાભાઈ કેરાશિયા, કોષાધ્યક્ષ કાંતિભાઈ રોઝ, મહિલા ઉપાધ્યક્ષ રાખીબેન રાઠોડ અને મહિલા સહમંત્રી કૈલાસબેન કાંઠેચાએ આવકાર આપ્યો હતો તેવું જિલ્લા પ્રચાર પ્રમુખ મહેશભાઈ દેસાઈની યાદીમાં જણાવાયું હતું.

# કાનમેરના રહાડી પાટીયા પાસે ઓવરટેક કરવા જતા કાર ડિવાઈડરમાં ઘૂસી, ચાલકનું મોત

**પાલનપુરના બે ભાઈઓ કબરાઉ દર્શન કરી પરત જતા હતા ત્યારે નડ્યો અકસ્માત**

ગાંધીધામ : રાપર તાલુકાના કાનમેર નજીક આવેલા રહાડી પાટીયા પાસે આગળ જતી કારને ઓવરટેક કરવા જતા કાર ડિવાઈડરમાં ઘૂસી પલટી મારી જતા ગંભીર ઈજાઓના કારણે ચાલકનું મોત થયું હતું.

બનાસકાંઠાના પાલનપુરના જુના લક્ષ્મીપુરા ગામના કિરણભાઈ કાંતિભાઈ કણેચીયા (પટેલ) એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તે અને કાકાનો દીકરો પિયૂષકુમાર મોહનભાઈ કણેચીયા સ્કોડા ગાડી નં. જીજે૦૮-આર-૩૭૦૨ લઈને કબરાઉ મોગલધામ દર્શન કરવા માટે આવ્યા હતા. દર્શન કરીને પરત જતા હતા ત્યારે સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં ગાગોદરથી થોડે દૂર રહાડી પાટીયા પાસે કારની આગળ એક ટ્રક જતી હોઈ ઓવરટેક કરવા માટે આગળ લેતા ટ્રક ચાલકે ડાબી બાજુ ટ્રક વાળતા ચાલકે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવ્યો અને ગાડી રોડની બાજુમાં ડીવાઈડર માટે મુકેલા સિમેન્ટના મોટા બ્લોક સાથે અથડાઈ અને પલટી મારી જતા ગાડીમાં સવાર બન્નેને ગંભીર ઈજાઓ થઈ હતી. ચાલક પિયૂષભાઈ ગાડીમાં જ બેહોશ થઈ ગયા, આસપાસના લોકો પહોંચી આવ્યા અને કારના બન્ને દરવાજા ખુલી શકે તેમ ન હોવાથી આગળના કાચમાંથી બન્નેને બહાર કાઢી દવાખાને લઈ ગયા હતા. જ્યાં ૨૮ વર્ષિય પિયૂષભાઈને તબીબે મૃત જાહેર કર્યા હતા.જ્યારે ફરિયાદી કિરણભાઈને ઈજાઓ થઈ હતી. ગાગોદર પોલીસમાં બનાવ અંગે ગુનો દાખલ થયો છે.

હાપુસ ! હાપુસ !
100% ઓર્ગેનિક રત્નાગીરી હાપુસ હોલસેલ પેટીના ભાવ
160 રૂ. કિલો. મર્યાદિત સ્ટોક
3, 7, 10, 15 કિલોમાં ઉપલબ્ધ
શ્રી મોમાઈ જૈન મહિલા ગૃહ ઉદ્યોગ
No. 9724501928

# કચ્છમાં ચૂંટણીની રાજકીય સભાઓથી ગરીબોને 'રોજગારી'ની આશ

ભુજ : લોકસભા ચૂંટણીના ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થઈ જતા તમામ ઉમેદવાર પોતાના પ્રચારમાં જોતરાઈ ગયા છે. મતદાનને આડે હવે પખવાડિયાથી પણ ઓછો સમય બાકી રહ્યો છે ત્યારે ચૂંટણી પ્રચાર વેગવાન બનાવાયું છે. ખાસ કરીને બીજા તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ મુખ્ય રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો હવે કચ્છ - ગુજરાતમાં ત્રીજા તબક્કાની ચૂંટણી માટે સભાઓ ગજવશે. કચ્છ જિલ્લામાં પણ મોટી સભાઓનું આયોજન થવાનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે, ત્યારે ચૂંટણીની રાજકીય સભાઓથી ગરીબ બેરોજગારોને હંગામી રોજગાર મળે તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

આ અંગેની વિગતો મુજબ ચૂંટણીની જંગી જાહેર સભાઓમાં જનમેદની કઈ રીતે એકત્ર થાય છે તે સૌ કોઈ જાણે છે. ગરીબો, રોજમદારો અને મજુરોને દાનકી આપીને ખાવા-પીવાનું પણ આપવામાં આવે છે. ત્યારે રાજકીય સભાઓમાં જનમેદની ઉમટે છે. સામાન્ય લોકોને ખ્યાલ પણ નથી આવતો. પણ સભાઓનાં આયોજનમાં વ્યવસ્થિત રીતે સેટીંગ કરાય છે. સામાન્ય લોકો તો ટીવી કે અખબારમાં સભાઓની તસ્વીરો જોઈને અંજાઈ જતા હોય છે. આ તસ્વીરો જોનારને એવું જ લાગતું હશે કે માત્ર તે પોતે જ ન પહોંચ્યા બાકી બધા જઈ આવ્યા હશે. પરંતુ એ માન્યતા વાસ્તવિકતા નથી હોતી. સભાઓમાં આવતા રોજમદારોને ૩૦૦ થી ૫૦૦ રૂપિયા દાનકી આપવામાં આવે છે. કોઈપણ પક્ષ પોતાનું રાજકીય વર્ચસ્વ સાબિત કરવા આ રીતે લોકોને બોલાવીને પોતાનો દબદબો દેખાડતા હોય છે. ત્યારે એટલું તો ચોક્કસ કહી શકાય છે, આગામી એકાદ પખવાડીયા સુધી યોજાનારી રાજકીય સભાઓમાં ગરીબોને રોજગારી મળી રહેશે. હા...પછી ભલે પાંચ વર્ષ સુધી કોઈ પુચ્છા પણ ન કરે કેમ કે ચુંટણી પત્યા પછી મોટે ભાગે તમે કોણ અને અમે કોણ જેવી સ્થિતિ સર્જાતી હોય છે. મોટા ભાગે ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોને રૂપિયા આપીને સભામાં બેસાડવામાં આવતા હોવાના અનેક કિસ્સા છે.

ચાલો હાજીપીર | જાહેર આમંત્રણ | ચાલો હાજીપીર
કોમી એકતાના પ્રતિક કચ્છ સોઢ્રાણાના શહેનશાહ
પીર હાજીપીર વલી (ર.અ.)નો
ઉર્ષ મુબારક
તા.૨૭/૨૮/૨૯ એપ્રિલ ૨૦૨૪
કચ્છના મુસ્લિમ અગ્રણીઓના હાથે મેળાને શનિવાર ૨૭ તારીખે સવારે ૧૦:૦૦ કલાકે ખુલ્લો મુકાશે



કચ્છ ગરીબે નવાઝ હઝરત પીર સૈયદ હાજી અલી અકબર શાહ ચીસ્તી સંઝરી (ર.અ.) ઉર્ફે સોઢ્રાણાના શહેનશાહ હાજીપીર સાહેબ (રહ.) નો ઉર્ષ મુબારક ચાલુ સાલે ઈસ્લામી મુસ્લીમ તા. ૧૭, ૧૮, ૧૯, શવ્વાલ હી.સ. ૧૪૪૫ને, અંગ્રેજી તા.૨૭-૨૮-૨૯-એપ્રિલ-૨૦૨૪, શનિવાર, રવિવાર, સોમવારના રોજ રાબેતા મુજબ યોજવામાં અવશે. તા. ૨૭ એપ્રિલ-૨૦૨૪, શનિવારના બપોર બાદ ચાદર મુબારક સાથે શાનદાર જુલુસ નીકળશે અને તા. ૨૯ના રાત્રે ઈશા નામાઝ સંદલનો પ્રોગ્રામ રાખેલ છે. આ પ્રસંગે સર્વે શ્રધ્ધાળુ યાત્રિકોને હાજરી આપવા જાહેર આમંત્રણ છે.
લિ. • શ્રી લુણા જુથ ગ્રામ પંચાયત • હાજીપીર વ્યવસ્થાપક સમિતિ • મુજાવર સમિતિ

**કચ્છમાં માર્ગ અકસ્માતોની વણઝાર : આરટીઓના નિયમો મુકાયા કોરાણે**

# ભુજ-ખાવડા નેશનલ હાઈવે ફરી રક્તરંજીત : ટ્રકના ઠાઠામાં ટ્રક ઘૂસી જતા બિહારના ચાલકનું મોત

**એરફોર્સ સ્ટેશન નલિયા પાસે ટ્રેઈલર હડફેટે બાઈક ચાલકનો જીવ ગયો : જ્વાહરનગરમાં રસ્તો ક્રોસ કરતા આધેડને બાઈક ચાલકે ટક્કર મારતા મોત**

ભુજ : કચ્છમાં માર્ગ અકસ્માતની ઘટનાઓ સતત સામે આવી રહી છે. હાઈવે પર બેફામ દોડતા વાહનોની ટક્કરે નિર્દોષ લોકોના જીવ જઈ રહ્યા છે. આરટીઓ અને પોલીસના નિયમોનું સંદતર ભંગ થવા છતા ચૂંટણીમાં વ્યવસ્ત લોકોના જીવની પરવાહ ન હોય તેવું ચિત્ર ઊભુ થયું છે. આજે પણ માર્ગ અકસ્માતની ઘટનાઓમાં ત્રણ લોકોના જીવન પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે.

ભુજ ખાવડા માર્ગ પર યાતાયાત વધી ગયો છે. ખાવડામાં વિશ્વનો સૌથી મોટો સોલાર એનર્જી પાર્ક તૈયાર થઈ રહ્યો છે. તેમજ આ રસ્તે નમક અને ખનીજ ભરેલા ભારે વાહનોની અવર-જવર હોવાના કારણે અકસ્માતો સતત વધી રહ્યા છે ત્યારે વધુ એક અકસ્માતનો બનાવ કુરન નજીક સામે આવ્યો હતો. ફરિયાદી માધવ હેન્ડલિંગના મેનેજર નોખાણીયાના ભુરાભાઈ ધનજીભાઈ છાંગા (આહિર) એ જણાવ્યું કે, તેમની ટ્રક નં. જીજે૧૨-બીઝેડ-૮૭૭૫ ડ્રાઈવર ઈકબાલ નિઝામુદ્દીન અંસારી (ઉ.વ. ૧૯, રહે, બિહારવાળો) ચલાવતો હતો. ગત ૧૯ તારીખે ઈકબાલ પોતાની ટ્રક લઈને ગયો ત્યારે આગળ જતી ટ્રકના ચાલકે અચાનક બ્રેક મારતા ટ્રકના ઠાઠામાં ટ્રક ઘૂસી જતા ગંભીર ઈજાઓ થવાના કારણે તેનું મોત થયું હતું. જેથી ખાવડા પોલીસમાં ફેટલનો ગુનો દાખલ કરાયો છે.

અકસ્માતનો બીજો બનાવ માંડવી-નલિયા હાઈવે રોડ પર એરફોર્સ સ્ટેશન નલિયાની બાજુમાં નિર્મલ ફાર્મ પાસે બન્યો હતો. ગઈકાલે સાંજે હતભાગી ખિરસરા-કોઠારાનો ૩૦ વર્ષિય વિક્રમસિંહ જાલુભા સોઢા નામનો યુવાન પોતાની બાઈક નં.જીજે૧૨-એએલ-૫૧૦૪ લઈને કોઠારાથી નલિયા જતો હતો ત્યારે સાંજના સવા છ વાગ્યાના અરસામાં ટાટા ટ્રેઈલર નં.જીજે૧૨-બીઝેડ-૬૪૦૦ ના ચાલકે પોતાના કબજાનું ટ્રેઈલર પૂરઝડપે ચલાવી ફરિયાદી મહાવીરસિંહ જોગરાજસિંહ સોઢાના મોટા બાપુના દીકરા વિક્રમસિંહની બાઈકને ટક્કર મારતા વિક્રમસિંહને ગંભીર ઈજાઓ થતા મોત થયું હતું. અકસ્માત સર્જીને ટ્રેઈલર મુકી ચાલક ભાગી ગયો હતો. જે અંગે કોઠારા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આ તરફ ગાંધીધામમાં જ્વાહરનગર પંચરત્ન માર્કેટ સામે આવેલા નેશનલ હાઈવે પર રસ્તો ક્રોસ કરતી વેળાએ યુવાનને બાઈક ચાલકે ટક્કર મારતા મોત થયું હતું. બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં મૂળ ઝારખંડના માલતીબેન પ્રભુભાઈ વિશ્વકર્માએ નોંધાવેલી ફરીયાદ પ્રમાણે તેમના પતિ પ્રભુભાઈ રામજીભાઈ વિશ્વકર્મા (ઉ.વ. ૩૯) બીઆઈએસ સિક્યુરિટી પડાણા તિરુપતિ રિલ્સ પ્રા.લિ. માં નોકરી કરતા હતા. તેઓ જ્વાહરનગર પાસે રસ્તો ક્રોસ કરી પોતાના રૂમ પર જતા હતા, ત્યારે બાઈક નં.જીજે૧૨-ઈએમ-૦૧૧૪ ના ચાલકે ટક્કર મારતા પતિ રસ્તા પર પડી ગયા એ દરમિયાન બીજુ વાહન તેમના પગ પરથી પસાર થયું જેમાં ગંભીર પ્રકારની ઈજાઓ થવાના કારણે હોસ્પિટલે લઈ જતા તબીબે મૃત જાહેર કર્યા હતા. જે અંગે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થતા પોલીસે તપાસ હાથ ધરી છે.


**હાર્દિક અભિનંદન**



**શ્રી રણછોડભાઈ ગોપાલભાઈ ડાંગર (નાડાપા)**
પ્રમુખશ્રી, શ્રી યદુનંદન એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ
ટ્રસ્ટીશ્રી, ભુજોડી આહિર કન્યા વિદ્યામંદિર

આપશ્રીને શ્રી યદુનંદન એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ બનવા બદલ ખૂબ ખૂબ અભિનંદન....

**ભુજોડી આહિર કન્યા વિદ્યામંદિર**
બાબુભાઈ બી.હુંબલ (પ્રમુખ) | શિવજીભાઈ કે.આહિર (મંત્રી) (પૂર્વ ધારાસભ્ય)
રાણાભાઈ રવાભાઈ ડાંગર (ઉપપ્રમુખ)
તથા ભુજોડી આહિર કન્યા વિદ્યામંદિર અને હોસ્ટેલનો સમગ્ર સ્ટાફ ગણ


# કંડલા CWCમાં કસ્ટમે રોકસોલ્ટ ૧ દીવસ અટકાવ્યું, અને બીજા દીવસે લીલીઝંડી આપી દીધી?

**ખોટલે મોટી ખોટ : પુલવામાં હુમલા બાદ કેન્દ્ર સરકારે પાકીસ્તાનની કમર તોડવા ત્યાથી આયાત થતી વસ્તુઓ પર ૨૦૦ ટકા ડયુટી લાદી છે, ત્યારે ડયુટી ભર્યા વીનાના કન્ટેઈનર તો સીડબલ્યુસીમાં ન હોતા પહોચી ગયા ને? જો પહોચી ગયા તો કેવી રીતે? : કન્ટ્રી ઓફ ઓરીજીનમાં મોટો ગાલમેલ થયો હતો તો તેમાં કોની કોની સામેલ ગીરી હતી? સહિતના પ્રશ્નોનો આવવો જોઈએ જવાબ**

**કસ્ટમતંત્રએ હોલ્ડ કરાવ્યુ હતુ, તેઓએ કલીનચીટ આપી, તો જવા દીધું છે, અમારો તો બીજો કોઈ બહુ રોલ જ નથી આવતો : શ્રી વરૂણભાઈ(મેનેજર, સીડબલ્યુસી કંડલા)**

## રોકસોલ્ટ આવ્યું કે, મિસડીકલેરેશન હતું?

**કંડલા કસ્ટક કમિશ્નરશ્રી કેમ ન કરાવે ઘનીષ્ઠ તપાસ?**

ગાંધીધામ : કંડલા પોર્ટની સામેના ભાગમાં આવેલ સીડબલ્યુસી વેરહાઉસમાં બે-ચાર દીવસ પહેલા રોકસોલ્ટને લઈને થયેલ કાર્યવાહી હાલમાં સંકુલમાં હોટટોપીક બની જવા પામી રહી છે. આવામાં જાણકારો કહે છે કે, જો બે કન્ટેઈનર માત્ર જ હોય તો જાણકારો કહી રહ્યા છે કે, તેમાં રોકસોલ્ટ હોવાની શકયતાઓ ઓછી છે. તો પછી મિસડીકલેરેશનમાં શું આવી ગયુ? આ બાબતે ખુબજ ગભીર છે અને તે મામલે ચોકકસથી કંડલા કસ્ટમ કમીશ્નરશ્રીએ ઘનિષ્ઠતાથી તપાસ કરાવી જોઈએ કે, રોકસોલ્ટની આડમાં કઈ વસ્તુ અહી ઠલવાઈ ગઈ?

ગાંધીધામ : કાશ્મીરના પુલવામાં ભારતીય જવાનો પર આતંકી હુમલો થયો અને તેમાં પાકીસ્તાનની કડીઓ ખુલી તે બાદ કેન્દ્રની મોદી સરકારે પાકીસ્તાનની આર્થિક કમર તોડવા માટે ત્યાથી આયાત થતી વસ્તુઓને પર ૨૦૦ ટકા જેવી તગડી ડયુટી લાદી દઈ અને તેને ફટકો આપતી નીતી જાહેર કરી દીધી છે. જો કે, તે જ પોલીસીનો ગેરલાભ લેનારા ભેજાબાજ તત્વો ડયુટીફેરનો મોટો ગેરલાભ લઈ અને તેવી વસ્તુઓ કન્ટ્રી ઓફ ઓરજીન બીજા દર્શાવી અને ભારતમાં વસ્તુઓ ઠાલવતા રહેતા હોય છે. તે પૈકીના એક એવા રોકસોલ્ટને લઈને પણ હાલમાં કંડલામાં હલચલ સર્જાઈ હોવાનો ગણગણાટ સામે આવવા પામી રહ્યો છે.

આ મામલે જાણકારોની વાત માનીએ તો પાકીસ્તાનથી રોકસોલ્ટ આયાત કરવા પર ૨૦૦ ટકા ડયુટી સરકાર દ્વારા લગાડવામા આવી છે અને એટલે જ કેટલાક ભેજાબાજો આ રોકસોલ્ટને પાકીસ્તાનથી જ આયાત કરી રહ્યા છે પરંતુ તેને વાયા દુબઈ દેખાડી અથવા તો તેને અન્ય કોઈ દેશમાંથી દેખાડી અને મુદરા-કંડલામાં ઠાલવી ૨૦૦ ટકા ડયુટીનો ફેરનો ગેરલાભ લઈ તગડી રકમની ડયુટીચોરી આચરી રહ્યા હોવાની ઘટનાઓ અગાઉ પણ કચ્છમાં સમયાંતરે બનતી જ રહી છે.

દરમ્યાન જ આવી જ એક ઘટનાને લઈને કંડલા કસ્ટમથી લઈ અને સીડલબ્યુસી ગોદામ ઉપરાંતમા ભારે ચર્ચાઓ તેજ બની જવા પામી હોવાનુ મનાય છે. જાણકારો કહી રહ્યા છે કે, ગત અઠવાડીયા એટલે કે શુક્ર અથવા તો ગત શનિવારે કેન્દ્ર સરકાર હસ્કના સન્ટ્રલ વેરહાઉસ કાર્પોરેશનના કંડલા મધ્યે આવેલા વેરહાઊસ કેન્દ્રમાં પણ કસ્ટમ વિભાગ દ્વારા રોકસોલ્ટના અવેલા કન્સાઈનમેન્ટને એક દીવસ માટે હોલ્ડ પર રખવવામા આવ્યા અને તે બાદ ૨૪થી ૪૮ કલાકમાથી જ આ રોકસોલ્ટનો જથ્થો અહીથી કલીનચીટ આપી દઈ અને પગ કરાવી દેવાયો હાવોની ચર્ચા સામે આવવા પામી રહી છે. જો કે, આ બાબતે સીડબલ્યુસીના મેનેજર શ્રી વરૂણભાઈની સાથે વાતચીત કરતા તેઓએ કહ્યુ હતુ કે, અમારે ત્યાં તો અનેક કન્ટેઈનરો આવતા હોય છે., કસટમ વિભાગ દ્વારા બે કન્ટેઈનરો હતા એ અકદાચ અમેને એકઝામિનેશન કરવાનુ હોય તે હેતુથી અટકાવ્યા હતા, પરંતુ એક જ દીવસ બાદ કન્ટેઈનરોને કસ્ટમ વિભાગ દ્વારા કલીનચીટ આપી દીધી તો તેને રવાના કરી દેવાયા છે. અમારે તો બીજુ કંઈ આ બાબતે જોવાનુ રહેતુ જ નથી. ત્યારે હવે અહી સવાલ એ થાય છે કે, રોકસોલ્ટની આયાત પાકીસ્તાનથી કરવાની દીશામાં હેવી ડયુટીનો માર જ સરકાર દ્વારા ફટકારવામાં આવતો હોય છે. તો પછી આ રોકસોલ્ટને કસ્ટમ વિભાગની ટુકડીએ અહી અટકાવ્યુ અને એક જ દીવસમાં જવા દીધુ.

આ સંદર્ભે કંડલા કસ્ટમના જવાબદારોની સાથે વાતચીત કરવામાં આવતા તેઓએ મગનુ નામ મરી ન પાડી અને ખાતાકીય આંતરીક તપાસ હોવાનુ જ જણાવ્યુ હતુ.


# કચ્છમાં આપઘાતના બનાવોમાં ત્રણ માનવ જિંદગી પર મુકાયું પૂર્ણવિરામ

**મથલમાં પરીણિતાએ એસીડ પીને મોતને વ્હાલું કર્યું, અબડાસામાં યુવકનો આપઘાત : ભુજની ભાગોળે સેડાતા રિસોર્ટમાં સફાઈ કામદારે જીવાદોરી ટુંકાવી**

ભુજ : જિલ્લામાં આપઘાતના ત્રણ બનાવો સામે આવ્યા છે. જેમાં નખત્રાણા તાલુકાના મથલમાં પરીણિતાએ એસીડ પીને મોતને વ્હાલું કર્યું હતું, જ્યારે અબડાસામાં યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. આ તરફ ભુજની ભાગોળે આવેલા સેડાતાના રિસોર્ટમાં આજે સવારે સફાઈ કામદારે ફાંસો ખાઈ જીવાદોરી ટુંકાવી લીધી હતી.

ભુજની ભાગોળે સેડાતા પાસે આવેલ રિસોર્ટમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા યુવાને આપઘાત કરી લીધો હતો. આજે સવારે ૯ વાગ્યાના અરસામાં બનાવ બન્યો હતો. ૨૬ વર્ષિય સચિન જયપ્રકાશ સૈનીએ કોઈ અગમ્ય કારણોસર પંખામાં દોરી વડે ફાંસો ખાઈ જીવાદોરી ટુંકાવી લેતા જી.કે. માં લાવતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. જ્યારે નખત્રાણા તાલુકાના મથલ ગામે રહેતા ૨૫ વર્ષિય કુંભાર શેરબાનુ અબ્દુલ કાદર નામની પરીણિતાએ પોતાના ઘરે એસીડ પી લેતા સારવાર માટે નખત્રાણા સીએચસી અને બાદમાં જી.કે.માં લાવવામાં આવતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. હતભાગી માનસિક બીમારીથી પીડીત હતા. બિમારીથી કંટાળીને પગલું ભર્યું હોવાનું માનવામાં આવે છે. દરમિયાન કોઠારા પોલીસ સ્ટેશનેથી મળેલી માહિતી મુજબ જોગીવાસમાં રહેતા ૧૮ વર્ષિય મહેશ રવજી જોગી નામના યુવાને કોઈ અગમ્ય કારણોસર પોતાના રહેણાક મકાનમાં સાડી વડ ફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી ફેલાઈ જવા પામી હતી.


**દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાસુમન**



**સ્વ. ભગવાનભાઈ ખાનજી અચાચી**
સ્વ. તા. ૨૬/૦૪/૨૦૨૨

પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિવાર જેનું મંદિર હતું, પરમાર્થ જેની ભક્તિ હતી,
વ્યવહાર કદી ચૂક્યા નહીં, શુન્યમાંથી સર્જન કર્યું, મનની સરળતાથી સૌને પ્રેમ ચુકાવ્યું,
સાદગીભર્યું જેનું જીવન હતું, એ હસતા ચહેરાએ સૌના દિલમાં જગ્યા બનાવી...
જીવન એવું જીવી ગયા કે, સૌના દિલમાં વસી ગયા, આપનો આનંદિત અને સરળ સ્વભાવ
હંમેશા માર્ગદર્શી રૂપે અમારી સાથે રહેશે...
પરમકૃપાળુ પરમાત્મા દિવ્ય આત્માને શાંતિ અર્પણ કરે તેવી પ્રાર્થના....

ધર્મપત્ની : ગં.સ્વ. વસંતબેન ભગવાનભાઈ અચાચી
પુત્ર-પુત્રવધુ : જગદિશ - હેમલ અચાચી, જયદવે - આરતી અચાચી, કૈલાશ - ડોલી અચાચી
પુત્રી - જમાઈ : ઉમા - જયદિપ ગઢવી (મોડ) ઓસ્ટ્રેલિયા
પૌત્રી-પૌત્રા : પ્રિયા, જીયા, પરીધી, આર્યા, સૌર્ય, આર્યન, દોહીત્રી : સીયા
**તથા સમસ્ત અચાચી પરિવાર (મોડવદર - ગાંધીધામ)**

ગઢવી ટ્રાન્સપોર્ટ-ગાંધીધામ • રાજ ઈન્ડસ્ટ્રીઝ-ગાંધીધામ • સૂર્યા ઈમ્પેક્ષ-ગાંધીધામ • શાઈન ઈન્ડીયા ટેકનોલોજી એન્ડ કું.-ગાંધીધામ



**ખૂબ-ખૂબ અભિનંદન**
**શ્રી નવઘણભાઈ વાસણભાઈ આહીર**
પ્રમુખશ્રી, કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસીએશન
આપની પ્રમુખપદે બિનહરીફ વરણી થવા બદલ હાર્દિક શુભેચ્છાઓ.
વધે તમારી નામના એવી અમારી શુભકામના.

કોટડા (ચકાર) ટ્રક મંડળી-કોટડા
ડગાળા ટ્રક મંડળી-ડગાળા
સાપેડા ટ્રક મંડળી-સાપેડા
દાળમદાદા ટ્રક મંડળી-માથક
સુમરાસર ટ્રક મંડળી-સુમરાસર
ડાકડાઈ ટ્રક મંડળી-માનકૂવા
KGN માનકૂવા મંડળી-માનકૂવા
મુરલીધર મંડળી-નિંગાળ
સુરક્ષા સોસાયટી ટ્રૂંક મંડળી-માધાપર
સામખિયાળી ટ્રક મંડળી-સામખિયાળી
મારુતિ ટ્રક મંડળી-નિંગાળ
પદ્ધર ટ્રક મંડળી-પદ્ધર
સરસપર ટ્રક મંડળી-સરસપર
નાડાપા ટ્રક મંડળી-નાડાપા
મમુઆરા ટ્રક મંડળી-મમુઆરા
વરનોરા ટ્રક મંડળી-વનોરા
જીનામ કૃપા ગ્રુપ મંડળી-રતનાલ
વાંકોલ કૃપા ટ્રક મંડળી-રતનાલ
જય જીનામ ટ્રક મંડળી-રતનાલ
સુજાણી ટ્રક માલિક મંડળી-રતનાલ
હઘવાણી ટ્રક મંડળ-રતનાલ
ચામુંડા ટ્રક મંડળી-રતનાલ
મોટા અંગિયા ગ્રુપ ટ્રક મંડળ-નખત્રાણા
જીનામ ટ્રક માલિક મંડળી-ધ્રંગ
ગઢશીશા ટ્રક માલિક મંડળ-ગઢશીશા
કંઢેરાઈ ટ્રક માલિક મંડળ-કંઢેરાઈ
કોટાય ટ્રક માલિક મંડળ-કોટાય
લોડાઈ ટ્રક માલિક મંડળ-લોડાઈ
માં ખોડિયાર ટ્રક મંડળી-ધ્રંગ
ઉમેદપુર ટ્રક મંડળી-ઉમેદપર
મખણા ટ્રક મંડળી-મખણા
નાગોર ટ્રક મંડળી-નાગોર
નંદકિશોર મંડળી-સાપેડા
ક્રિષ્ના ટ્રક માલિક મંડળી-ઝીંકડી
ખેંગારપર ટ્રક માલિક મંડળી-ખેંગારપર
ઝીંકડી ટ્રક માલિક મંડળ-ઝીંકડી
નિરોણા ટ્રક મંડળી-નિરોણા
હરૂડી (હાજાપર) ટ્રક મંડળી-હરૂડી
ધરમપુર ટ્રક મંડળી-ધરમપુર
જિંદાય ટ્રક મંડળ-નખત્રાણા
ધાણેટી ટ્રક માલિક મંડળી-ધાણેટી

લાખોંદ ટ્રક માલિક મંડળી-લાખોંદ
બાપા સીતારામ મંડળી-ભુજ
હબાય ટ્રક મંડળી-ભુજ
ભીરંડિયારા ટ્રક મંડળી-ભીરંડિયારા
વાંકોલ કૃપા ટ્રક મંડળી-રતનાલ
રવેચી ટ્રક એસોસીએશન-ઝીંકડી
જબ્બાર રોડવેઝ-ભુજ
એસ.કે. રોડવેઝ-ભુજ
માધવ રોડલાઈન્સ-સાપેડા
રિયા લોજિસ્ટિક-ભુજ
શ્રી વાઘેશ્વરી રોડવેઝ-ભુજ
સદગુરુ કૃપા ટ્રાન્સપોર્ટ-રતનાલ
સમીર ગ્રુપ-અંજાર
એમ.એચ. રોડવેઝ-કલ્યાણપુર
ભારાપર રોડલાઈન્સ-ભુજ
કંકેશ્વર કૃપા રોડવેઝ-અંજાર
વિષ્ણુ લોજિસ્ટિક-ભુજ
હૈદરી ગ્રુપ-ગઢશીશા
બરારીયા રોડવેઝ-અંજાર
એસ.પી. રોડવેઝ-સાપેડા
ગુરૂકૃપા ટ્રાન્સપોર્ટ-રતનાલ
ગોકુળ ટ્રાન્સપોર્ટ-અંજાર
હર્ષ રોડવેઝ-રતનાલ
રાધિકા ટ્રાન્સપોર્ટ-રતનાલ
આઈ શ્રી સૈયર માં ગ્રુપ-રતનાલ
માં ચામુંડા ગ્રુપ-રતનાલ
રાધેશ્યામ ટ્રાન્સપોર્ટ-રતનાલ
કૃષ્ણકૃપા રોડવેઝ-રતનાલ
સુથાર ગ્રુપ-રતનાલ
વાઘેશ્વરી ટ્રાન્સપોર્ટ-રતનાલ
માં ચામુંડા ગ્રુપ-રતનાલ
જીનામ રોડવેઝ-ભુજ
જીનામ રોડલાઈન્સ-રતનાલ
વિરાણી ગ્રુપ-રતનાલ
રાધેકૃષ્ણ ટ્રાન્સપોર્ટ-અંજાર.
મેકણ કૃપા ગ્રુપ-રતનાલ
રણહીર ભગત ગ્રુપ-રતનાલ
વાઘેશ્વરી કૃપા ગ્રુપ-રતનાલ
જીનામ ગ્રુપ-રતનાલ
જશા અરજણ છાંગા-રતનાલ

ક્રિષ્ના ટાયર ગ્રુપ-રતનાલ
મહાદેવ ટ્રાન્સપોર્ટ-રતનાલ
ઓધવરામ ગ્રુપ-રતનાલ
બંસીધર ટ્રાન્સપોર્ટ-રતનાલ
જય જીનામ ગ્રુપ-રતનાલ
શ્યામ કૃપા ટ્રાન્સપોર્ટ-રતનાલ
ગુરુકૃપા લોજિસ્ટિક-રતનાલ
ભીમાણી ગ્રુપ-રતનાલ
ભીમાણી રોડલાઈન્સ-રતનાલ
આહીરધારા ટ્રાન્સપોર્ટ-રતનાલ
શ્રી વાઘેશ્વરી ટ્રાન્સ-રતનાલ
સત્યમ રોડલાઈન્સ-રતનાલ
રાધાક્રિષ્ણ ટ્રાન્સપોર્ટ-અંજાર
જીવનધારા રોડલાઈન્સ-અંજાર
ધ્રુવ ટ્રાન્સપોર્ટ-અંજાર
બાબા રામદેવ ટ્રાન્સપોર્ટ-સાપેડા
દેવજી બિજલ મરંડ-રતનાલ
હરિહર લોજિસ્ટિક-અંજાર
ચપરેડી-અટલનગર ટ્રક એસો.-ચપરેડી
તન્ના ટ્રાન્સપોર્ટ-ભુજ
સિદ્ધિ વિનાયક સપ્લાયર્સ-ભુજ
યાદવ ટ્રાન્સપોર્ટ-ભુજ
ઝમઝમ ગ્રુપ-ભચાઉ
દેવાણી સપ્લાયર્સ-મુંદરા
કુકમા ટ્રક એસોસિએશન-કુકમા
એસ. કુમાર ટ્રાન્સપોર્ટ-ભુજ
માનસી કોલ કેરિયર-ભુજ
રવેચી કૃપા ટ્રાન્સપોર્ટ-ઢોરી
રવેચી લોજિસ્ટિક-ભુજ
પાર્થ ટ્રાન્સપોર્ટ-ભુજ
ડાંગર રોડવેઝ-ભુજ
રવેચી ગ્રુપ-હબાય
ડાંગર લોજિસ્ટિક-ભુજ
કિસાન રોડવેઝ-ભુજ
ડાંગર રોડલાઈન્સ-ભુજ
ક્રિષ્ના લોજિસ્ટિક-ભુજ
હમીર ગોપાલ કેરાસિયા-હબાય
ગુલાબ મીલ ટ્રક એસો.-અંજાર
આહીર ટ્રાન્સપોર્ટ-ભુજ
આવળ રોડલાઈન્સ-ભુજ
નીરવ રોડલાઈન્સ-ભુજ